॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૩૧ ઓક્ટોમ્બર - ૨૦૨૧

રૂા. ૫/૦૦



શ્રાવણ માસ દરમિયાન કેન્યાના નાઈરોબી તથા મોમ્બાસાના મંદિરો દ્વારા
ભુજ મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવાયો - ભુજ



નવનિયુક્ત ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે
ભુજ મંદિરના ઉપમહંત સ્વામી આદિ સંતો તથા ટ્રસ્ટીઓની શુભેચ્છા મુલાકાત - ગાંધીનગર



શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે પારાયણ તથા વિવિધ ઉત્સવો- અંજાર



ભારાપર મધ્યે અ.નિ. સ્વામી ઘનશ્યામવિહારીદાસજીની સ્મૃતિમાં પારાયણ યોજાઈ - ભારાપર - માંડવી



।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामके : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૦ અંક-૩ ઓક્ટોબર-૨૦૨૧
વર્ષ : ૩૮ - સળંગ અંક-૪૩૧

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


## અનુક્રમણિકા


- તંત્રીની કલમે ૪
- ત્રણ શક્તિના સંગમથી કાર્યની સફળતા ૫
- શિક્ષાપત્રી ૬
- શરદપૂનમ મહારાસ આસોસુદ પૂર્ણિમા ૮
- નવરાત્રી (શક્તિપર્વ) ૧૧
- વિજ્યા દશમી – દશેરા (આસો સુદ દશમ) ૧૨
- લંકાની લાડીને ઘોઘાનો વર (ફળ કથનમાં ભૂલ..!) ૧૫
- ચિત્રકાર આધારાનંદ સ્વામી ૧૬
- વ્યક્તિ વિશેષના આવાગમન સમયે શું કરવું? ૧૭
- ઉકો સંતની વાતમાં ભળ્યો તેથી...! ૧૮
- સંત્સગ સમાચાર-દેશ ૨૦
- શ્રી ઘનશ્યામ બાળસંદેશ ૩૨


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



માનવ પ્રકૃતિની એક વિશેષતા એ છે કે ધાર્મિક પ્રસંગ ને ઉત્સાહભેર ઉમંગથી ઉજવીને તેને મહા-ઉત્સવ-મહોત્સવ બનાવી તેને આનંદથી ઉજવે છે. હાલમાં જ ગણેશોત્સવ ઉજવીને ગણપતિજીને પ્રસન્ન કરવાના પ્રયાસો કર્યા! નવરાત્રી ઉજવીને માતાજીની કૃપા મેળવવા ગરબા, દાંડીઆ, રાસની રમઝટ જમાવી આરતી, સ્તુતિ, છંદો દ્વારા માતાજીને રીઝવવાનો પ્રયત્ન થાય છે! આવા ઉત્સવો ધાર્મિક હોવાથી તેમાં પવિત્રતા અનિવાર્ય છે, જ્યાં પવિત્રતા હોય ત્યાં દિવ્યતા હોય છે. દિવ્યતાને વધુ દીપાવવા માનવ તેને ભવ્યતાનો ઓપ આપે છે. આવા ઉત્સવોના કેન્દ્રમાં શ્રદ્ધા અને આસ્થા હોય છે. અને તેનો ઉદ્દેશ્ય જીવનને ભગવા રંગે રંગવાનો છે. પણ આ રંગે કેટલા જણ રંગાય છે?

આવા મહોત્સવો માટે માનવ મંડપનું સર્જન કરે છે અને માને છે કે મંડપ જેટલું સુંદર, સુશોભિત અને ભવ્ય હોય તેટલું આકર્ષણનું કેન્દ્ર બને છે અને ઉત્સવ સફળ થાય છે. તે માટે કેટકેટલા આયોજનો અને પરિશ્રમ થાય છે! નાની નાની બાબતો અંગે જ વિચારાય છે. પરંતુ જરા વિચારો સૃષ્ટિના સર્જનહારે માનવનું પણ સર્જન કર્યું છે. મંડપને ભલે શણગારીએ પણ ઈશ્વરના સર્જન માનવને કેવી રીતે સુશોભિત કરીશું ? માનવના શણગાર છે તેની પ્રભુપ્રીતિ, ભક્તિ સાથે ભરોસો, આરાધના સાથે આસ્થા, શીલ સાથે સુસંસ્કારો તેમજ પરમતત્ત્વ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત શરણાગતિ. આ બાબતો માનવનો શણગાર છે. જીવનરથનું એક પૈડું નીતિ અને સદાચાર છે અને બીજું પૈડું ભક્તિ અને વૈરાગ્ય છે, આ રથનો સારથી જો આધ્યાત્મિક જ્ઞાન બને તો ઈશ્વરના સર્જનને સાચા અર્થમાં શણગાર્યું કહેવાય.

માનવજીવનમાં કર્મ પ્રત્યે સદૈવ જાગૃત રહેવું આવશ્યક છે. માનવ જન્મીને મૃત્યુશરણ થાય છે પણ કેટલા લોકોને આપણે યાદ કરીએ છીએ? એક સંત કવિએ કહ્યું છે કે, ''તુમ જબ પૈદા હુએ તો જગ હસા-તુમ રોયે ઐસી કરની કર ચલો કિ તુમ હસો - જગ રોયે'' જીવન સફળતાનો આ મંત્ર છે કર્મ જ જીવનને સાર્થકતા ના માર્ગે દોરી જાય છે.

આપણા દરેક કાર્યમાં શ્રીજી મહારાજને સાથે રાખીએ શ્રીજી મહારાજમાં સંપૂર્ણ વિશ્વાસ સાથે ભરોસો કેળવીએ તો શરીર અને આત્મા બંનેમાં પ્રસન્નતા વ્યાપી જશે, પવિત્રતાનો વાસ થશે અને જીવન સાર્થક થશે, માટે હંમેશા સત્કાર્યો ને સંગાથે રાખીને. સત્કાર્યો દ્વારા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની બાબતોને જીવનનું લક્ષ્ય બનાવીએ, શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી લક્ષ્ય પ્રાપ્તિના માર્ગે વિશ્વાસપૂર્વક આગળ વધીએ. માર્ગમાં પ્રલોભનો અને અવરોધો આવશે પણ શ્રીહરિ પ્રત્યેના વિશ્વાસ સામે તે ટકી નહીં શકે. તનથી, મનથી, વચનથી અને કર્મથી શ્રીહરિના થઈ જઈશું તો આત્મવિશ્વાસમાં અભિવૃદ્ધિ થશે અને ભક્તિમાં દૃઢતા આવશે. પરિણામે આસ્થા એવી તો અવિચળ - અડગ બની જશે કે, ''મેરુ રે ડગે પણ જેનાં મન ના ડગે, મરને ભાંગી પડે બ્રહ્માંડ'' આવી આસ્થા હોય તો લક્ષ્ય પ્રાપ્તિ હાથવેંતમાં જ હોય છે. જીવનયાત્રા સરળ બની જાય છે અને પ્રભુપ્રીતિની લગની લાગે છે.

શ્રીજી મહારાજનો ભરોસો જીવનનૈયા પાર લગાવી દેશે.

# ત્રણ શક્તિના સંગમથી કાર્યની સફળતા


**ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી**

ઈચ્છા શક્તિ, જ્ઞાન શક્તિ અને ક્રિયા શક્તિ આ ત્રણ શક્તિઓ સાથે મળે ત્યારે જ કાર્યમાં પૂર્ણ સફળતા મળે છે. કોઇ પણ કાર્યની શરુઆત ઈચ્છા શક્તિથી થાય છે. સૌ પ્રથમ મનમાં કાર્ય કરવાની ઈચ્છા જાગે છે પછી તે કાર્ય વિશે જ્ઞાન પ્રાપ્ત કરે અને પછી તેને પૂર્ણ કરવા માટે ક્રિયા અર્થાત્ પ્રયત્ન કરે છે, ત્યારે કાર્ય સફળતા પૂર્વક પૂર્ણ થાય છે. એક નાનું ઉદાહરણ જોઈએ યાત્રા કરવી છે, તેમાં સૌ પ્રથમ આપણને યાત્રા કરવાની ઈચ્છા થઇ, પછી ક્યાં અને કેવી રીતે યાત્રા કરવી તેનાં વિષે બીજા પાસેથી માહિતી અર્થાત્ જ્ઞાન લીધું અને પછી યાત્રા કરવા નીકળ્યા અર્થાત્ પ્રયત્ન કર્યો એટલે યાત્રા પૂર્ણ થશે. ઈચ્છા-જ્ઞાન અને ક્રિયા આ ત્રણ શક્તિનો સંગમ થશે ત્યારે જ કાર્યમાં સફતા મળશે. જો આ ત્રણમાંથી એક શક્તિની ઉણપ હોય તો કાર્ય પૂર્ણ થતું નથી. જેમ કે યાત્રા કરવાની ઈચ્છા થઇ અને તેનાં વિષે જ્ઞાન (માહિતી) પણ મેળવી પણ પ્રયત્ન અર્થાત્ યાત્રા કરવાની શરુઆત જ ન કરી તો યાત્રા પૂર્ણ થતી નથી. ઈચ્છા છે પ્રયત્ન પણ કરે છે પરંતુ જો તેનાં વિષે માહિતી ન હોય તો પણ સફળતા મળતી નથી. જ્ઞાન છે અને પ્રયત્ન પણ કરે છે પરંતુ ઈચ્છા નથી તેથી જોરે જોરે કરવામાં આવેલું કાર્ય સફળ થતું નથી. તેથી ત્રણે શક્તિ ઈચ્છા-જ્ઞાન અને પ્રયત્નનો પરસ્પર સંબંધ છે. વ્યાવહારિક કાર્યની સફતા માટે ત્રિશક્તિની જરુર છે. એવી જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ આ ત્રણે શક્તિની એક સાથે જરૂર છે. ભગવાનની પ્રાપ્તિ કરવી હોય કે આત્મદર્શન કરવાં હોય કે પછી સાધનામાં સફળતા મેળવવી હોય ત્યારે પણ ઈચ્છા, જ્ઞાન અને પ્રયત્ન વિના થતું નથી. વચનામૃતમાં એક સંતે શ્રીસ્વામિનારાયણ ભગવાનને પ્રશ્ન પૂછ્યો આત્મદર્શન કરવાની ઈચ્છા થાય છે પરંતુ દર્શન કેમ થતાં નથી ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાને કહ્યું કે ઈચ્છા છે અને જ્ઞાન પણ છે પરંતુ પ્રયત્ન નથી કરતા એટલે આત્મદર્શન થતાં નથી. ક્યારે પ્રયત્ન કર્યો ને આત્મદર્શન ન થયું ? આ ઉત્તરથી સંત સમજી ગયા અને પ્રયત્ન કરવા લાગ્યા તો સમાધિમાં આત્મદર્શન થયું. આપણે આપણા જીવનકાળમાં એવાં અનેક લોકોને જોયા હશે કે જેમણે પોતાના કાર્યમાં અભુતપુર્વ સફળતા મેળવી છે.

(૧) ઈચ્છા શક્તિ કેવી રીતે પ્રગટ કરવી તેની રીત - જે જે લોકોએ જીવનમાં કાર્યમાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી હોય તેનાં વિશે માહિતી પ્રાપ્ત કરવી અર્થાત્ તેનાં જીવન વાંચવાથી આપણને પ્રેરણા મળે છે અને તેવું કરવાની ઈચ્છા પ્રગટ થાય છે. (૨) જ્ઞાન શક્તિ પ્રગટ કરવાની રીત - સંસ્કૃત સાહિત્યમાં કહેવાયું છે કે "સર્વદા પૃષ્ટેન ભાવ્યમ્" અર્થાત્ જે ક્ષેત્રમાં આપણે કામ કરવા ઈચ્છતા હોઈ તેનાં વિષે હંમેશાં લોકોને પૂછતા રહેવું તેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૩) પ્રયત્ન કરવાની રીત - મનુષ્ય હોય કે પછી પશુ-પક્ષી કે કોઇ પણ જીવ જંતુ હોય, તેનો પ્રયત્ન, અને પ્રયત્ન પછી કાર્યમાં સફળતા જોઇએ ત્યારે આપણને પણ પ્રયત્ન કરવાનું બળ મળે છે. કરોળિયો ઝાડ ઉપર ચડવાનો પ્રયત્ન કરે છે ત્યારે અનેક વાર નીચે પડે તેમ છતાં પણ સતત પ્રયત્ન ચાલુ રાખે છે તો એક સમયે તે ઝાડ ઉપર ચડવામાં સફળ થાય છે. આપણા દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીમાં આ ત્રણે શક્તિ પૂર્ણરુપે જોઇ શકાય છે. દેશને સ્વચ્છ, સ્વસ્થ અને સમૃદ્ધ બનાવવા માટે પ્રબળ ઈચ્છા શક્તિ છે. કયું કાર્ય કેમ કરવું તેનાં વિષે જ્ઞાન પણ પ્રાપ્ત કરી લે છે અને એક દિવસમાં ૧૬ થી ૧૭ કલાક કામ કરવામાં પ્રયત્ન પણ કરે છે. ઈચ્છા છે, જ્ઞાન છે અને પ્રયત્ન પણ કરે છે. તેથી વિશ્વના દેશના અનેક નેતાઓએ સ્વીકાર્યું કે ભારતદેશમાં કુશળ નેતૃત્વને કારણે ભારતદેશ આવતા દિવસોમાં વિશ્વ ગુરુ બનીને રહેશે. ભગવાન ભજવા હોય ત્યારે સૌ પ્રથમ ઈચ્છા તો કરવી જ પડે કે મારે ભગવાન ભજવા છે પછી કેમ ભગવાન ભજવા તેનું સંતો પાસેથી જ્ઞાન મેળવે અને પછી ભજન કરવાનો પ્રયત્ન કરે તો જ ભગવાન ભજાય છે. આ ત્રણે શક્તિ સાથે મળે ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે.

# શિક્ષાપત્રી

હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી



**શ્લોકઃ ૫૯**

શાસ્ત્રોમાં નિષ્કામ ક્રિયાઓને સર્વશ્રેષ્ઠ માની છે

**પ્રોકતાસ્તે નિર્ગુણા ભકતાઃ નિર્ગુણસ્ય હરેર્યતઃ ।**
**સમ્બન્ધાત્તત્ક્રિયાઃ સર્વા ભવન્ત્યેવ હિ નિર્ગુણાઃ ॥**

"જે કારણથી નિર્ગુણ એવા ભગવાનના સંબંધે કરીને આત્મનિવેદી ભક્તોની સર્વ ક્રિયાઓ નિર્ગુણ થાય છે. એ જ કારણથી આત્મનિવેદી ભક્તોને પણ નિર્ગુણ કહ્યા છે."

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે - આત્મનિવેદી ભક્તોનું જોવું સાંભળવું, બોલવું ઈત્યાદિક એક એક ઈન્દ્રિયોની ક્રિયાઓ માયિક ગુણોથી રહિત દિવ્ય મૂર્તિ, એવા ભગવાનની સાથે જોડાયેલી હોય છે. અર્થાત સર્વે ક્રિયાઓ ભગવાનની પ્રસન્નતાને માટે જ હોય છે. તેથી તે ક્રિયાઓ બીજાની સમાન જ ગુણમયી જણાતી હોય છતાં ભગવાનના સંબધને કારણે ગુણાતીત જ થઈ જાય છે. આ અંગે વિષ્ણુ ધર્મોત્તરનું વાક્ય પ્રમાણરૂપ છે.

"જેવી રીતે બજારનું જળ જો ગંગામાં જઈને ભળે તો ગંગાના યોગે કરીને પાણી પણ ગંગા પણાને પામી જાય છે. તેવી જ રીતે આત્માનિવેદી ભક્તોની ગુણમય એવી ક્રિયાઓ કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે જ હોવાથી, ભગવાનના સંબંધને લઈને નિર્ગુણપણાને પામી જાય છે."

"પાની રે પાની તેરા રંગ કૈસા?
જિસમેં મિલાદો લગે ઉસ જૈસા!
પ્રિય સત્સંગી તેરા રંગ કૈસા ?
પ્રભુ મેં મિલાદો લગે પ્રભુ જૈસા !"

★ શું બધાજ હરિભક્તો નિર્ગુણ હોય છે ?

★ જો નિર્ગુણ ન પણ હોય તો શા માટે ન હોય ? આત્મનિવેદી ભક્તોની સર્વે ક્રિયાઓ ભગવાનની પ્રસન્નતા માટે જ હોય છે. માટે તે ક્રિયાઓને નિર્ગુણ ક્રિયાઓ કહેવામાં આવે છે. નિર્ગુણ ક્રિયાઓને શાસ્ત્રોમાં સર્વ શ્રેષ્ઠ ક્રિયાઓ કહેલી છે, અને તેમનો કયારે પણ નાશ થતો નથી. તેથી તેમનું ફળ પણ નિષ્ફળ જતું નથી. તેથી રઝડતાં રઝડતાં પણ અંતે અનેક જન્મોતરે નિષ્કામ કર્મો ભગવાનને પ્રાપ્ત કરાવીને જ શાન્ત થાય છે. વધુ ઊંડાણથી આ સમજી લઈએ.

★ પ્રત્યેક દિવસે નિયમિત પણે પોતાથી મોટાઓ, વડીલોને પ્રણામ કરવા, તેમની સેવા કરવી, અને તેમની આજ્ઞાઓનું પાલન કરવું.

★ સદા સર્વદા નિરંતર પણે ભગવાનના નામનો શ્રદ્ધા સહિત, નિષ્કામ ભાવે પ્રેમ પૂર્વક જાપ કરવો. અને ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું.

★ એક ક્ષણ માટે પણ ભગવાનના નામનું વિસ્મરણ કરવું નહિ. એવી લાઈફ સ્ટાઈલ બનાવી લેવી.

★ ખૂબ જ મન લગાવીને આ બધું કરવું અને નજીવી ઉણપ કે ઓછપ રહે તો તેના માટે એકાંતમાં શ્રદ્ધા-વિશ્વાસ પૂર્વક કરૂણ ભાવથી ગદગદ થઈને રૂદન કરતાં કરતાં ભગવાનને પ્રાર્થના કરવી. આ ઈશ્વરાભિમુખ પ્રેમનું રૂદન છે.

★ બધાને ભગવાનના ભક્તો જ જાણવા અને બધીજ વસ્તુઓ ને ભગવાનની જ સમજવી, બધાં કાર્યો ભગવાનનાં સમજવાં, અને ભગવાન માટે જ બધાં કામ કરવાં.

★ નિત્ય શ્રદ્ધા-વિશ્વાસ પૂર્વક, નિષ્કામ પ્રેમ પૂર્વક આ બધું કરવાથી તુરંત જ ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે.

★ દુર્ગુણ, દુરાચાર, દુર્વિચાર, દુર્વ્યસન, દંભ, મદ, અભિમાન, અધિક નિદ્રા, આળસ, પ્રમાદ, વિષય ભોગોનું તથા ભોગિયોના સંગ આ બધાને હળાહળ ઝેર સમજવા, તેમનો સર્વદા ત્યાગ કરી દેવો જોઈએ. આ બધી જ આસુરી સંપત્તિ છે.

★ સદ્‌ગુણ, સદાચાર, સુદ્વિચાર, સત્સંગ, સરળતા, આ બધાયને તથા સાધુતા, નમ્રતા, જ્ઞાન, વૈરાગ્ય તથા ભગવાનની ભક્તિ આ બધાયને અમૃત તુલ્ય સમજીને તેમનું નિત્ય નિરંતર સેવન કરવું જોઈએ. આ દૈવી સંપત્તિ છે. આ જ સાર તત્ત્વ છે.

એ જ રીતે કર્મનો કરનારો પણ ચાર પ્રકારનો છે. ફળમાં આસક્તિથી રહિત થઈને વર્ણાશ્રમ સંબંધી કર્મ કરનારો સાત્ત્વિક કર્તા કહેલો છે. કર્મફળમાં આસકત થઈને કર્મ કરનારો રાજસ કર્તા કહેલો છે. અને માયિક વિષયો અનર્થને આપનારા છે, દુઃખરૂપ છે એ પોતે જાણતો હોવા છતાં તેના સ્મરણથી ભ્રષ્ટ થઈને (ભાન ભૂલીને) કર્મ કરનારો તામસ કર્તા કહેલો છે. આ શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે મારી એકાંતિકી ભક્તિને કરનારો નિર્ગુણ કર્તા કહેલો છે. મંદિરમાં સ્થાપિત પ્રભુ મૂર્તિના દર્શન કરતાં કરતાં સ્વયંને અંતરમાં પૂછી એ કે હું કેવો કર્તા છું? તો આત્મામાંથી અવશ્ય ઉત્તર મળશે જ.

કહે છે કે બીજા તરફ એક આંગળી ચીંધવાથી આપણે પોતે જ પોતા તરફ ત્રણ આપણી જ આંગળીઓ ચીંધીએ છીએ. આ રહસ્યમય સંકેત આપણને ઘણું ઘણું કહી જાય છે. માટે આપણે જ સાવધાન થઈએ. પ્રત્યેક જીવે કર્મ તો કરવાનાં જ છે, આ ફરજીયાત છે ને અનિવાર્ય પણ છે. તો તે જ કર્મોને માત્ર પ્રભુગામી વળાંક આપી ને જ આપણે તેનો આત્મોદ્ધાર માટે સદ્‌ઉપયોગ કરી શકીએ છીએ.

શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે, સુખ પણ ચાર પ્રકારના હોય છે. આત્મવિચારથી ઉત્પન્ન થયેલું સુખ સાત્ત્વિક સુખ કહેલું છે. પાંચ વિષયોથી એટલે કે પંચેન્દ્રિયોથી ઉત્પન્ન થયેલું સુખરાજસિક છે. ને મોહ કે દીન-પણાથી ઉત્પન્ન થયેલું સુખ તામસિક સુખ છે. મારાં ચરિત્રોના શ્રવણ કીર્તનાદિક કરીને તથા મારા સ્વરૂપના દર્શનને ધ્યાનાદિકે કરીને ઉત્પન્ન થયેલું સુખ નિર્ગુણ સ્વરૂપનું સુખ છે.

વળી પંચરાત્ર શાસ્ત્રને વિષે તો આત્મનિવેદી ભક્તો હોય તેને એકાંતિક ભક્તો કહેલા છે. પતિવ્રતા સ્ત્રીની પેઠે ભગવાનને વિષે સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત અનન્ય ભક્તિ કરે છે, તેને એકાંતિક ભક્ત કહેવામાં આવે છે. આવા એકાંતિક ભક્તની જે ભક્તિ છે તે તો મહાઆપતકાળમાં મોટા વિઘ્નો વડે પણ પરાભવ પામતી નથી.

આવા એકાંતિક ભક્તો દેહ છતે નિર્ગુણ અને મુક્ત કહ્યા છે. આવા ભક્તોના સંબંધે કરીને અનંત જીવોનો પણ મોક્ષ થાય છે.

ઉપરના માર્ગદર્શક દિવ્ય સિદ્ધાંતો શ્રીજી મહારાજના જ હોઈ સર્વે સત્સંગીઓએ પણ સપ્રેમ અપનાવી સ્વયં ને આજીવન મુક્ત કરવાનો મોકો ઝડપી લેવા જેવો છે.

# શરદપૂનમ મહારાસ આસોસુદ પૂર્ણિમા

ભાદરવા માસથી શરદઋતુનો પ્રારંભ થાય છે અને શરદઋતુની પરાકાષ્ઠા એટલે જ શરદપૂર્ણિમા. આ પૂનમને કોજાગોરી પૂનમ અથવા માણેકઠારી પૂનમ કહે છે.

એમ કહેવાય છે કે પૂનમની રાતે લક્ષ્મીજી સ્વયં આકાશમાં વિચરીને આહ્લેક જગાવે છે. કો જાગર્તિ ? કોણ જાગે છે અને એમાં જે જાગ્રત હોય તો તેને હું ધનવાન બનાવીશ.

આ "કો જાગર્તિ" ના અપભ્રંશ રૂપે "કોજાગરી" પૂનમ નામ પડ્યું છે. આ પૂનમના દિવસે થતું વ્રત કોજાગર વ્રત તરીકે પ્રસિદ્ધ છે જેની કથા આ મુજબ છે.

મગધ દેશમાં વસિત નામે એક ગરીબ બ્રાહ્મણ રહેતા હતા. તે સર્વગુણે સંપન્ન હતા. છતાં તેની પત્ની ગરીબીને કારણે ખૂબ કંકાસ કરતી હતી. પોતાના નિર્ધન પતિની પ્રત્યેક આજ્ઞાનું તે વિપરીતપણે પાલન કરતી.

એકવાર વસિતના પિતૃતર્પણનો અવસર આવ્યો. પિતાનું શ્રાદ્ધપિંડ આ સ્ત્રીએ ગંગાને બદલે વિષ્ટાના કૂવામાં નાખ્યું વસિત તેનાથી ક્રોધિત થઇ ગૃહત્યાગ કરી લક્ષ્મી પ્રાપ્ત કરવા વનમાં ચાલી નીકળ્યો.

વનમાં તેને કાલીયાનાગના વંશમાં ઉત્પન્ન થયેલી કન્યાઓ મળી તે કન્યાઓએ કોજાગર વ્રત કર્યું હતું આસો સુદ પૂર્ણિમાંએ કન્યાઓએ બ્રાહ્મણ સાથે જુગાર રમવાનો આરંભ કર્યો. વસિત બ્રાહ્મણ જુગારમાં પોતાના શરીર સિવાય તમામ ગુમાવી બેઠા. એ વખતે લક્ષ્મીજી અને નારાયણ ત્યાંથી પસાર થતાં તેમણે બ્રાહ્મણે અજાણતા જ કરેલા કોજાગર વ્રતને બદલે તેને કામદેવ જેવો રૂપવાન કરી દીધો. નાગકન્યાઓએ બ્રાહ્મણ સાથે ગાંધર્વ લગ્ન કર્યાં. બ્રાહ્મણને અઢળક ધન પ્રાપ્ત થયું. હવે બ્રાહ્મણ પરત ઘરે પધાર્યા, ત્યારે ધનવાન પતિને જોઇ તેની પત્ની અતિ પ્રસન્ન થઇ. આ કથા પછી લોકમાં એકવાત પ્રચલિત થઇ કે શરદપૂર્ણિમાની રાતે જાગનારો ધનવાન બને છે.

આધ્યાત્મિક અર્થમાં જાગ્રતિ એટલે જાણપણું વચનામૃત ગ.અં.-૯ માં શ્રીજી મહારાજ જાણપણાની વિશિષ્ટ વાત કરે છે.

પોતાના હૃદયને વિશે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. તે દરવાજા ઉપર સર્વે સંત ઊભા છે, ધન, સ્ત્રી આદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને હાનિ-વૃદ્ધિ સુખ-દુઃખ, માન-અપમાન આદિક અનંત જાતના વિઘ્ન આવે છે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરના ચરણારવિંદને પામવાને ઇચ્છે તેણે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિશે સાવધાન થઇને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થને પેસવા દેવા નહીં.

આ વચનામૃત મુજબ જાગૃતિ એ જ મોટું તપ અને વ્રત છે. વિશ્વામિત્ર, ચ્યવન, સૌભરી, પરાસરે તપ કર્યું પણ જાણપણા વગર વિઘ્ન આવ્યાં.

શ્રીજી મહારાજના પરમહંસોને આવી અખંડ વૃત્તિ જાગૃતિ રહેતી, ગોવિંદાનંદસ્વામી પાસે રાજાની દાસી દશ હજાર રૂપિયાના ઘરેણાં લઇને આવી તો પણ તેઓ લોભાયા નહીં ને ભાગી નીકળ્યા.

જસદણમાં સુરાખાચરને ભ્રષ્ટ કરવા ત્યાંના દરબારે એક કુલટા સ્ત્રીને મોકલી પણ સુરાખાચર પોતાના મુકામથી ડગ્યા નહીં.

આ ઋતુમાં આકાશ નિર્મળ હોય છે. શ્વેત ચાંદની રેલાતી હોય, જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ આ રાત્રીએ ચંદ્ર પૃથ્વીની વધુમાં વધુ નજીક હોય છે. ચંદ્રના શીતળ અને શાંત પ્રકાશથી વનસ્પતિ-ઔષધિઓ ફળતી-ફુલતી હોય છે. ચંદ્રની ચાંદનીમાં દૂધ અને પૌંઆને

ચાળણી વડે ઢાંકી અડધી રાત સુધી રાખવામાં આવે છે અને ત્યારબાદ ચંદ્રકિરણો વડે પુષ્ટ થયેલો એ પ્રસાદ આરોગ્યમાં અનેરું બળ આપે છે.

શ્રીકૃષ્ણનો મહારાસ

શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધમાં આ દિવસે શ્રીકૃષ્ણએ કરેલા મહારાસની અવિસ્મરણીય લીલા છે.

ચીરહરણલીલા વખતે શ્રીકૃષ્ણ ભગવાનના વચને પોતાના વસ્ત્રો લેવા ગોપીઓએ લોકલાજનો ત્યાગ કરીને વચન માન્યાં આથી ભગવાન પ્રસન્ન થઇ ગયા અને તેમણે શરદપૂનમે મહારાસનું સુખ આપવા વચન અને આમંત્રણ આપ્યું. જ્યારે કોઈપણ ભક્ત ભગવાન માટે લોકલાજ તડકે મૂકે ત્યારે પ્રભુ મહારાસ માટેની પાત્રતા બક્ષે છે.

શરદપૂનમમી રાત આરંભાઇ કૃષ્ણે બંસીના સૂર રેલાવ્યા અને ગોપીઓ દેહ-ઘર-સગાં-સંબંધી-સમાજનું ભાન ભૂલીને વ્રજ છોડી વૃન્દાવનમાં આવી પહોંચી. ગોપીઓનું સ્વાગત કરતા પ્રભુ બોલ્યા ‘‘સ્વાગતં વો મહાભાગાઃ’’ પછી પ્રભુએગોપીઓની પરીક્ષા કરતા કહ્યું ‘‘તમારા જેવી સ્ત્રીઓ મધરાતે ઘરબાર છોડીને પરપુરુષ સાથે આવે તે યોગ્ય નથી માટે પાછા જાવ’’ ગોપીઓને માથે વીજળી પડી. તેમણે કહ્યું, ‘‘અમારા તન-મન-પ્રાણ બધું જ તમારા ચરણકમળમાં બંધાયું છે હવે અમે પાછા ક્યાંથી જઇએ ?’’

ભગવાને ગોપીઓની ઉષ્કૃષ્ટ સમર્પણભાવના જોઇ અને પછી યમુના કાંઠે મહારાસની શરૂઆત કરી. આ મહારાસના અનંત અને અપરિમિત સુખના ભોક્તા સૌ થવા લાગ્યા. ગોપીઓ માટે પૃથ્વી પર ગોલોક ખડું થયું. એવામાં ગોપીઓને અભિમાન આવ્યું કે, ‘‘આપણા જેવી બીજી કોઇ ભક્તિવાન નથી કારણ કે અત્યારે પ્રભુ આપણને વશ વર્તે છે.’’

મહારાસને પ્રભુનો કૃપાપ્રસાદ સમજવાને બદલે પોતાની પુરુષાર્થ પ્રાપ્તિ માનવા લાગી. ભગવાન તો અંતર્યામી છે, આ વાતની ખબર પડી કે તરત જ ભગવાન શ્રીકૃષ્ણ મહારાસમાંથી અદશ્ય થઇ ગયા. ગોપીઓ એકલી પડી વિહ્વળ બની વિરહમાં ઝૂરવા લાગી. આ વિરહમાં તેમના ગીતોએ તેમના હૃદયમાં રહેલા અહંકારને ઓગાળી દીધો.

પ્રભુજીને જ્યારે લાગ્યું કે હવે ગોપીઓ નિર્મળ થઇ છે તે તરત જ એતો પુનઃ પ્રગટ થયા ને ગોપીઓને સુખ આપ્યું.

રસો વૈ સઃ ભગવાન રસરૂપ છે, રસરૂપ ભાવ રાસઃ, રસરૂપ ભગવાનના પ્રેમભક્તિમાં એક થઇ જવું તેનું નામ રાસ. ગોપીઓ દેહભાવથી વિરક્ત થઇ ગઇ.

આ રાસમાં રાધા સર્વના કેન્દ્રમાં હતાં. રાધા તો ભગવાનનો આત્મા છે તેની સાથે રમણ કરવાને કારણે શાસ્ત્રના ગૂઢ રહસ્યને જાણનારાઓ શ્રીકૃષ્ણને આત્મારામ કહે છે.

રાસમંડળમાં રાધાને પોતાની પડખે રાખી એક ગોપી એક કૃષ્ણ એ રીતે ભગવાને અનેક રૂપો ધારણ કર્યા. અને ગોપીઓને મહારાસનું દિવ્ય સુખ આપ્યું.

શ્રીજી મહારાજે શ્રીકૃષ્ણના મહારાસનો મર્મ આદર્શ સાધકને અનુલક્ષીને વચનામૃતમાં વારંવાર વર્ણવીને જાણપણું આપ્યું છે. એ શુકદેવજી અને પરિક્ષિતના સંવાદની વાત છે. આ અનુપમ રાસલીલાનું વર્ણન પરિક્ષિતજીને શુકદેવજીએ સંભળાવ્યું છે ત્યારે પરિક્ષિતે પ્રશ્ન પૂછ્યો, ‘‘હે શુકદેવજી ! ધર્મના સેતુ, વક્તા, કર્તા અને રક્ષક એવા શ્રીકૃષ્ણે ધર્મથી વિરુદ્ધ થઇને પરદારાનો સંગ કેમ કર્યો. ?’’ ત્યારે શુકદેવજીએ તેને પ્રભુની લીલા દિવ્ય હોય તે રહસ્ય સમજાવે છે.

ભગવાન આ મહારાસમાં ગોપીજનોને એટલું બધું સુખ આપ્યું કે શરદપૂનમની રાત્રી સૌને છ મહિનાની અનુભવાઇ.

ભગવાનના તાલે પોતાનો તાલ મિલાવે તે મહાસુખને પામે એ આ ઉત્સવનો મર્મ છે.

પંચાળાનો મહારાસ

શ્રીજી મહારાજ પંચાળામાં બિરાજમાન હતા તે

વેળાએ બ્રહ્માનંદસ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું, હે મહારાજ ! જેમ શ્રીકૃષ્ણ અવતારમાં શરદપૂર્ણિમાની રાત્રીએ ગોપીઓને મહારાસ રમાડીને જે દિવ્ય પરમાનંદની અનુભૂતિ કરાવી હતી, તેવો દિવ્ય આનંદ આજે આપ અમને કરાવો અમારી સાથે રાસ રમો એવો અમારો સંકલ્પ છે.

કરુણામૂર્તિ શ્રીજી મહારાજ આ સાંભળીને રાજી થયા અને બોલ્યા, ''અમે તમારા મનોરથ અવશ્ય પૂરો કરશું પણ એક શરત છે કે તમારે એ સમયે નવા કીર્તનો રચવા. એક પૂરું થાય ત્યાં બીજું એમ અવિરત કીર્તનોની ઘટમાળ ચલાવવી.''

બ્રહ્માનંદસ્વામીએ તરત જ હા પાડી એટલે મહારાજે કહ્યું,''પંચાળાની પશ્ચિમે જ્યાં ટેકરો છે ત્યાં વિશાળ પટાંગણમાં મહારાસ ગોઠવો. બાજુમાં સાબલી નદી વહે છે. એકાદશીની રાત્રી છે, ચંદ્ર સોળ કળાએ ખીલ્યો છે.''

આખા પંચાળા ગામમાં આ વાત વાયુવેગે ફેલાઇ. રાત થતા સુધીમાં તો સમગ્ર પટાંગણ અને નદીના બેય કિનારે હજારો મનુષ્યોની ભીડ થઇ ગઇ. મહારાજ તથા સંતો આવી ગયા. મહારાજ સુશોભિત મંચ પર બિરાજમાન થયા.

બ્રહ્માનંદસ્વામીએ મહારાજ પાસે મહારાસ આરંભ કરવાની આજ્ઞા માગી, મહારાજની આજ્ઞા મળી એટલે મુકતાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી, દેવાનંદસ્વામી વિગેરે સંતોના હાથમાં કરતાલો હતી, પગે ઘૂઘરા બાંધ્યા હતા. જે સંતો કુંડાળાવાળી વચ્ચે બેઠા હતા તેમણે દુક્કડ, સરોદા, ઝાંઝ-પખાજ, સિતાર, શરણાઇ, સારંગી, મંજીરા આદિ અનેક પ્રકારના વાજીંત્રો લીધા હતા. એક સંતે ત્રંબાળુ ઢોલ કેડે બાંધ્યો હતો તેમણે તેના પર દાંડી મારી અને પખાજ-દુક્કડના નાદ સાથે બ્રહ્માનંદસ્વામીએ શરૂ કર્યું.

સખી ગોકુળ ગામના ચોકમાં રે,
ખાંતે માંડ્યો રસીલે ખેલ, રમે રાસ રંગીલો રંગમાં રે.

બ્રહ્માનંદસ્વામીના પહાડી સૂર સાથે વાજિંત્રોના નાદની મિલાવટ થઇ ગઇ. સંતોએ પહેરેલા પગના ઘૂઘરા પણ તાલમાં ગુંજવા લાગ્યા.

સંતોએ આ દિવ્ય આનંદ અને પોતાના ઉપાસ્ય સ્વરૂપની ભક્તિમાં લીન થયેલા જોઇ મહારાજ એકદમ મંચ પરથી ઉઠ્યા અને બધા જ કુંડાળા વીંધીને પહેલા કુંડાળામાં પહોંચી ગયા. મહારાજને રાસમાં આવેલા જોઇને સંતોએ માઝા મૂકી. અને બ્રહ્માનંદસ્વામીએ બીજી પંક્તિ શરૂ કરીઃ

ચહુ કોરે સખાની મંડળી રે,
ઉભા વચમાં છેલો અલબેલ રમે રાસ રંગીલો રંગમાં રે

મહારાજ સંતો સાથે તાળી દઇને રાસમાં ફરવા લાગ્યા. નાના સંતોને સંકલ્પ થયો કે મહારાજ ફક્ત મોટા સંતો સાથે જ રમે છે. અમને આવું સુખ ક્યારે મળશે ?

જેવો આ સંકલ્પ થયો કે તરત જ ચમત્કાર ! જેટલા સંતો એટલા રૂપ ધારણ કરી મહારાજ દરેક સંતને રાસનું સુખ આપ્યું છે.

મહારાજે સંતો-હરિભક્તો સૌને ઘેલા બનાવી દેહ-સ્થળ-કાળનું ભાન ભુલાવી દીધું સાબલી નદી પણ આજ યમુનાની જેમ ધન્ય થઇ ગઇ.

રાસની રમઝટ ચાલી, બ્રહ્માનંદસ્વામીની કડીઓ ખૂટી એટલે મહારાજે પ્રેમાનંદસ્વામીને કહ્યું તે થાક્યા એટલે મહારાજે પ્રજ્ઞાનંદસ્વામીને કીર્તન બનાવવા કહ્યું.

મહારાજ તો મહારાસમાં લીન થઇ ગયા બ્રહ્માનંદસ્વામીને થયું કે મહારાજ થાકી જશે તેથી મહારાજને થોભાવવા તેમણે યુક્તિ કરી. દૂર ઘાસનો ઢગલો પડ્યો હતો તે સળગાવવા હરિભક્તને ઈશારો કર્યો. જેવી આગ લાગી કે બ્રહ્માનંદસ્વામી બૂમો પાડવા લાગ્યા. સંતો અને મહારાજ પણ આ જોઇ થંભી ગયા મહારાજ સમજી ગયા ને બોલ્યા કે ''આ યુક્તિ

બ્રહ્માનંદસ્વામીની લાગે છે.''

મહારાસ પૂરો થયો ત્યારે રાત્રી લગભગ પૂરી થવા આવી હતી. સૌ સંતો મહારાજની આજુબાજુ વીંટળાઇ ગયા. બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, ''મહારાજ ! આજ તો છ માસથી પણ આ રાત્રી વધુ મોટી હોય તેવું લાગ્યું.''

આ જ રીતે શ્રીજી મહારાજે ગઢડામાં પણ શરદપૂનમના દિવસે જેટલા સંતો તેટલા રૂપ ધરીને દિવ્ય સુખ આપ્યું.

# નવરાત્રી (શક્તિપર્વ)

આસો સુદ એકમથી નોમ સુધી નવ દિવસ નવરાત્રી તરીકે સંપન્ન થાય છે. શક્તિ, દુર્ગા, અંબિકા કે ભવાની.... ભગવાની દૈવી ઊર્જામાન જ આ વિવિધ નામે છે તેની પૂજા કરવાનું પર્વ એટલે નવરાત્રી. માતાજીના ભક્તો આ નવ દિવસ દરમ્યાન ઉપવાસ અને અનુષ્ઠાન કરે છે અને શક્તિ આરાધના કરે છે. મહિષાસુરની કથા આ માટે વિશેષ પ્રચલિત છે.

મહિષ એટલે પાડા, પાડા પર સવારી કરતો અસુર એટલે મહિષાસુર, આ મહિષાસુર તપ કરીને બ્રહ્માને પ્રસન્ન કર્યા અને વર મેળવ્યો કે હું મનુષ્યથી મરું નહિ. આવું અજેય વરદાન પામી તેણે ત્રિલોકમાં હાહાકાર મચાવી દીધો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સંયુક્ત પ્રાર્થના અને સંકલ્પમાંથી એક શક્તિરૂપા નારી પ્રગટ થઇ જે દુર્ગા નામે ઓળખાઇ. શિવે દુર્ગાને ત્રિશૂળ, વિષ્ણુએ ચક્ર અને ઇન્દ્રે વજ્ર અર્પણ કર્યું અને કહ્યું કે જાઓ મહિષાસુરનો વધ કરો.

દેવીએ અઢાર ભુજા ધારણ કર્યા. પોતાના વાહન સિંહ પર અસવાર થઇ નવ દિવસ સુધી મહિષાસુર સાથે તુમૂલ યુદ્ધ થયું અને દશમે દિવસે દેવીનો વિજય થયો. નવરાત્રીનો મર્મ અદ્ભુત છે. તે વાસ્તવમાં સંયમનું પર્વ છે મહિષ એટલે પાડા જેવી અસંયમિત ઇન્દ્રિઓને કેવળ ભગવાનના બળ અને શક્તિથી જ જીતી શકાય છે એવો આ પર્વનો સંદેશ છે.

માનવમાં પ્રભુની બે શક્તિઓ રહેલી છે. બુદ્ધિ અને ભાવ. બુદ્ધિ શક્તિ દ્વારા મનુષ્ય બહિર્ગમન કરી શકે છે. તર્ક, વિવાદ, વ્યવસ્થા, વ્યૂહરચના.....આદિ નાના મોટા કાર્યો બુદ્ધિ શક્તિના પરિણામે સંભવ છે. ભાવશક્તિને શ્રદ્ધા સાથે સંબંધ છે. ભક્તિ એ ભાવશક્તિનું જ વરદાન છે.સમર્પણભાવથી જાગે છે. બંને શક્તિઓ નદીના અસંયમિત પૂરપ્રવાહ જેવી છે. ગમે તે દિશામાં તે વહે, વિનાશ જ નોતરે, જો તેના પર સંયમની પાળ ન હોય તો. ભગવાનનો અનન્ય આશરો આ સંયમની પાળ બાંધે છે.

દુર્ગાએ મહિષાસુરે આરંભેલા સંગ્રામના શુભ સમાચારથી ભક્તો આનંદમાં રાસ-ગરબા અને નૃત્ય કરવા લાગ્યા. આ બધા વચ્ચે કેન્દ્ર તો ભગવાનની શક્તિ જ હતું. ગરબા ગાવામાં પણ કેન્દ્રમાં ગરબીમાં માતાજીની મૂર્તિ પધરાવીને તેની આસપાસ પ્રદક્ષિણાની જેમ ગરબા ગાવામાં આવે છે.

ફક્ત સંગીત, તાલ કે નૃત્યના ઠૂમકા એ જ નવરાત્રીનું હાર્દ નથી. પ્રત્યેક પગલે ભગવાન મારું કેન્દ્ર બને એ જાગૃતિ સાથે ગવાયેલો ગરબો અને ઉજવાયેલ નવરાત્રી ભક્તોના જીવનમાં નવી બહાર લાવે છે. વર્તમાનકાળે રાસ-ગરબાને બદલે ઉત્તેજના, કામોત્તેજક વેશભૂષા, લાઇટીંગ, ફીલ્મોના ગીતો અને આડંબરથી ઉભરતા બિભત્સ નૃત્યો ને જ ભક્તિ માનીને ખોટો સંતોષ લેવાતો હોય છે. સ્વછંદતા અને સ્વેચ્છાચારે માઝા મૂકી છે. સ્ત્રી-પુરુષો ભેગા થઇને નાચે, રમે ત્યાં સંયમની પાળ તૂટે અને અનિષ્ટના પુર ઉમટે.

શ્રીજી મહારાજે ગરબીના આ પર્વમાં સ્ત્રી-પુરુષ મર્યાદાનો શણગાર મૂકીને એ શુદ્ધ અને સાચા સ્વરૂપમાં નવરાત્રી ઊજવવાનો ચાલ પ્રસ્થાપિત કર્યો.

# વિજ્યા દશમી - દશેરા (આસો સુદ દશમ)

દશેરા એટલે દિવાળીનું દ્વાર. રામાયણ કાળથી આ ઉત્સવનો મહિમા છે.

આ જ દિવસે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામે દશમાથાવાળા રાવણનો સંહાર કરેલો. તેથી આસુરી શક્તિ સાથે દૈવી શક્તિના વિજયના ફળરૂપે આજે લોકો રાવણના પૂતળાને બાળે છે.

આજે શસ્ત્રપૂજન, કારખાના-ફેક્ટરીઓમાં મશીનરીની પૂજા અને વાહનોની પૂજા પણ કરવામાં આવે છે. સદા દિગ્વિજયી રહેવા માટે બળ ઉપરાંત શસ્ત્ર અને વાહનોનો યોગદાન પણ ઘણેરું છે. તેથી શસ્ત્ર-વાહનો પ્રત્યેનો આદર અને મહિમાઓના પૂજન દ્વારા અભિવ્યક્ત થાય છે.

- શમી પૂજન (ખીજડાનું પૂજન) પણ થાય છે શા માટે?

મહર્ષિ વિશ્વામિત્રના આશ્રમમાં દેશ-દેશાંતરથી શિષ્યો ભણવા માટે આવતા. તેમાં રાજાના કુંવરોથી લઈને સાવ ગરીબ બ્રાહ્મણો પણ આવતા. ઋષિ સૌને સમભાવે વિદ્યાદાન કરતા.

આ શિષ્યવૃંદમાં એક કૌત્સ નામે ગરીબ શિષ્ય હતો. ગુરુદક્ષિણા આપવા માટે તેની પાસે કંઈ જ ન હતું. તે મનમાં મૂંઝાયો. છેવટે દાનેશ્વર રઘુરાજાની કીર્તિ સાંભળી તે રાજાના દરવાજે પહોંચ્યો આ બાજુ રાજાએ વિશ્વજીત યજ્ઞ કરેલો. તેથી તેની તમામ સંપત્તિનું દાન તેણે કરી દીધેલું. તેની પાસે કૌત્સને આપવા કંઈ જ ન હતું. પરંતુ પોતાના દરવાજેથી કોઈને ખાલી હાથે ન જવું પડે તે હેતુથી તેણે દેવોના ભંડારી કુબેર પર ચડાઈ કરી કુબેર રાજાથી ભયભીત થઈ ગયો અને રાજાની ઈચ્છા પૂરી કરવા શમીવૃક્ષ પર ૧૪ કરોડ સોનામહોર વરસાવી. કૌત્સે તે ધન લઈને ગુરુને આપ્યું. ગુરુએ એ ગરીબોને વહેંચી દીધું. આ પ્રસંગ પછી શમીના પાદડાં સુવર્ણ તુલ્ય ગણાવા લાગ્યા અને શમીએ ધન આપ્યું હોવાથી લોકો શમીની પૂજા કરે છે.

કથા - ૨

આ કથા સ્કંધપુરાણમાં આવે છે.

એકવાર અરુણાચલ પર્વત પર મહિષાસુર નામે રાક્ષસ આવી પહોંચ્યો. તે વેળાએ દેવી પાર્વતી અહીં તપસ્યામાં મગ્ન હતાં. તેમનું રૂપ જોઈ અસુર મોહિત થયો અને વૃદ્ધ અતિથિનું રૂપ લઈ પાર્વતીને તપ કરવાનું કારણ પૂછવા લાગ્યો.

દેવી બોલ્યા, ''હું પરમ શક્તિમાન એવા શિવને વરવા એમને પ્રસન્ન કરવા તપ કરું છું.''

અસુરે કહ્યું, ''હું પણ ભગવાન છું. માટે મને વર.''

શિવજીના આવા અપમાન સામે પાર્વતી ક્રોધે ભરાયાં. અસુરને હણવાનો પડકાર ફેંકી તેની સામે યુદ્ધ આદર્યું. આ યુદ્ધ નવ દિવસ ચાલ્યું. દસમા દિવસે અસુર હણાયો. પાર્વતી એના કારણે મહિષાસુરમર્દિની કહેવાયા. અસુરના પરાજય અને શક્તિના વિજયને કારણે ભક્તો નવ દિવસ નવરાત્રિ દ્વારા મનાવે છે અને દશેરાને વિજયોત્સવ તરીકે ઉજવે છે.

કથા - ૩

શમી અને મહાર, આ બંને પ્રકારના વૃક્ષોની પૂજા દશેરાના દિવસે થાય છે. તેની સુંદર કથા આ મુજબ છે.

મહર્ષિ ઓર્વને એક રૂપવાન પુત્રી હતી. જેનું નામ હતું શમી. મહર્ષિ ધૌમ્યને એક પુત્ર હતો. તેનું નામ હતું મહાર. ઉંમરલાયક થતાં મહારના લગ્ન શમી સાથે થયાં. લગ્નબાદ નવદપંતી શૌનક ઋષિના દર્શને જતા હતા. રસ્તામાં તેમને ભ્રચુંડી ઋષિ મળ્યા. આ ઋષિના નામ પ્રમાણે તેમના મસ્તકે હાથી જેવી સૂંઢ હતી. ઋષિને નમસ્કાર કરવાને બદલે આ યુગલે તેમને ઉપહાસ કરી હાંસી ઉડાવી.

ભ્રચુંડી ઋષિ ક્રોધાયમાન થયા એ તત્કાળ શાપ આપ્યો કે, 'જાવ, બંને ઝાડ બની જાવ.'

મહાર અને શમી આ શાપથી ગભરાયા. તેઓ ગણપતિના શરણે ગયા. તેમની આરાધના કરી. ગણપતિએ અનુગ્રહ કર્યો અને વરદાન આપ્યું કે તમે બંને પવિત્ર વૃક્ષમાં ગણાશો અને આદરથી પૂજાશો.

તે દિવસથી શમી અને મહાર, આ બંને વૃક્ષ પૂજ્ય મનાવવા લાગ્યા.

મહાભારતમાં વિરાટ રાજા પાસે ગુપ્તવેશે વ્યંઢળ રૂપે રહેલા અર્જુને દશેરા દિવસે શમીના ઝાડ પરથી શસ્ત્રો ઉતાર્યા હતા. અને વિરાટની ગાયોને લૂંટી જતી દુર્યોધનની સેનાને હરાવી હતી.

વિદ્યાર્થીઓ આ દિવસે સરસ્વતી પૂજન કરે છે.

-સાચો વિજય ક્યારે મળે ?

ભારત સ્વાતંત્ર્યની લડત કેવી રીતે ચલાવવી એ અંગે ગાંધીજી અવઢવમાં હતા. તેમણે પોતાના ગુરુ જેવા લીઓ ટોલ્સટોપને પત્ર લખીને આ અંગે માર્ગદર્શન માંગ્યું.

ટોલ્સટોયે લખ્યુ : Go back to your religion. there is nothig which can not be solved through religion. Religion is the tree.

ધર્મની તાકાત જ શ્રેષ્ઠ તાકાત છે. તેના દ્વારા એવી કોઈ પણ સમસ્યા નથી જેને ઉકલી ન શકે.

મહાભારતમાં એક વાત વારંવાર દોહરાવાઈ છે.

યતઃ ધર્મ સ્તતો જય :

જ્યાં ધર્મ છે ત્યાં જય છે. અને જ્યાં ભગવાન છે ત્યાં ધર્મ છે.

અર્જુનને ગાંડીવનું નહિ, પણ ધર્મના ધરતલ શ્રીકૃષ્ણનું બળ હતું તો મહાસમુદ્ર જેવી કૌરવસેના તે ગાયના પગલાંની જેમ પાર કરી ગયો.

અધર્મનો ક્યારેય જય થતો નથી.

રાવણ મહાવિદ્વાન મહાશક્તિશાળી હતો. પણ અધર્મી હતો. એણે પોતાના માસીયાઈ ભાઈ એવા અલકાપુરીના રાજા વૈશ્રવણને હરાવી તેનું પુષ્પક વિમાન પડાવી લીધેલું. નવકુળરેની અપ્સરા રંભા પર બળાત્કાર કરેલો. સીતાહરણ કર્યું. તેની પાસે અભેદ્ય રથ હતો. છતાં રામ સામે હાર્યો. રાવણ સામે યુદ્ધમાં રામ કેમ જીત્યા એનું કારણ બતાવતા શ્રીરામ કહે છેઃ

મારી પાસે અદશ્ય રથ છે.

જેનું નામ છે ધર્મરથ. તેને સત્યસભર શૌર્ય અને ભગવન્નિષ્ઠાથી સભર ધૈર્યના બે પૈડાં છે. વિવેક, સંયમ, જ્ઞાન એ વૈરાગ્ય રૂપી ચાર ઘોડા છે. સદાચાર, આત્મનિષ્ઠા અને નિશ્ચયની ત્રણ લગામ છે. સત્યશીલ એ પ્રેમ કરુણાના બે વિજયધ્વજ છે. આવી ધર્મ સંપત્તિથી રાવણ સામે વિજય પ્રાપ્ત થયો.

શ્રીહરિએ એકવાર સંતોને પૂછ્યું કે અમે રામની જેમ રાવણને માર્યો નથી. સાગર પર સેતુ બાંધ્યો નથી, શ્રીકૃષ્ણની જેમ કંસને માર્યો નથી, તો તમે અમને શું સમજીને ભગવાન કહો છે ?

સંતોએ સુંદર ઉત્તર આપ્યો, "પ્રભુ ! રાવણ અને કંસ તો કામ-ક્રોધ-માન-ઈર્ષ્યા આદિ દોષોથી મરાયેલા જ હતા. આપે તો રાવણ-કંસ નહિ, પણ તેને મારનારા આ અંતઃશત્રુઓને મારી અમને વિષય વાસના સામે વિજયી બનાવ્યા છે. માટે તમે સર્વોપરી ભગવાન છો."

સાચો વિજય એ વાસના પરનો વિજય છે.

શ્રીજી મહારાજ દશેરાના દિવસે ગઢપુરમાં શમી પૂજન કરતા. આ દિવસે માણકીએ ચઢી મહારાજ ગઢને ઓળંગતા. નાળિયેરો ડુંગર ચઢતા અને બીજી તરફ ઉતરી જતા.

દશેરાના દિવસે શ્રીજી મહારાજ અશ્વદોડ પણ યોજતા.

જેતુપરમાં એકવાર શ્રીહરિ રોકાયા. એ દિવસે દશેરા હતો. રાજાએ સવારીનું આયોજન કર્યુ અને મહારાજને કહ્યું, "આજે દશેરાનો દિવસ હોવાથી શસ્ત્ર

પૂજન તથા શમીપૂજન કરવાનો અવસર છે. આપ હાથી ઉપર બેસો ને હું ચામર કરીશ.''

રાજાનો ભાવ જોઈ મહારાજ હાથી પર બેઠા. રાજદરબારમાં થઈ સૌ ઉત્તર દરવાજે નીકળ્યા અને ગામથી ઉત્તરે ખીજડાના ઝાડ પાસે ખીજડાનું પૂજન કરાવ્યું. તોપોના ભડાકા કર્યા. ત્યારબાજ સૌ પોતપોતાના ઘોડા દોડાવ્યા, પણ શ્રીહરિની અશ્વસવારી જોઈને સૌ નિસ્તેજ થઈ ગયા.

- દશેરાના દિવસે શ્રીજી મહારાજે કારિયાણીમાં પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું.

કરિયાણામાં શ્રીજી મહારાજના અનન્ય ભક્ત કાળા મકવાણા રહેતા હતા. મહારાજે કરિયાણા પધારી કાળા મકવાણાને કીધું, ''આ વખતે આપણે દશેરાનો ઉત્સવ અહીં કરવો છે.''

કાળા મકવાણા કહે, ''ભલે મહારાજ, આટલું કહી ભક્ત તો મહારાજની મૂર્તિ સામે બેસી ગયા અને દર્શન કરવા લાગ્યા.''

મહારાજ કહે, ''કાળા ! કંઈ સમજણ પડે છે ? ઉત્સવ થશે તો હજારો હરિભક્તો-સંતો આવશે. બધાને રમાડવા, જમાડવામાં ખર્ચ પણ થાશે. તારી પાસે એટલા પૈસા છે ?''

આ સાંભળીને કાળા મકવાણાના પેટનું પાણીય ના હલ્યું. તે તો એકીટશે મહારાજ સામે જોઈ રહ્યો.

મહારાજ અકળયાને કહે, ''આમ બધાની જેમ શું તાકી રહ્યા છો ? ખર્ચનું શું કરીશ ?''

કાળા મકવાણા કહે, ''મહારાજ આપની સામે નહીં તો કોની સામે જોઉં ? રિધ્ધિ-સિધ્ધિને લક્ષ્મી તો આપના ચરણની દાસી છે. એટલે અમારે એનો કોઈ વિચાર ન કરવાનો હોય.''

લો આ લોઢાની કોસ છે. તેને સોનાની કરી દો. તો હું ભાવનગર જઈન રિદ્ધિ - સિદ્ધિ વેંચીને પૈસાના ઢગલા લઈ આવું.

મહારાજ આ સાંભળી મરક મરક હસવા લાગ્યા. એટલામાં ત્યાં સુરાખાચર અને પર્વતભાઈ આવ્યા. બંને મહારાજના દર્શન કરી બેઠા.

ત્યાં એક ચારણ બાઈ આવી અને મહારાજને જોઈ બોલી, ''સ્વામિનારાયણ ! તારા ભામણા લઉં અને તને કંઈ રોગ ના થાય એટલા માટે તારો હાથ લાંબો કર, દોરો બાંધી દઉં.''

મહારાજે તેનો ભાવ જોઈ હાથ લાંબો કર્યો. એટલે ચારણબાઈએ મહારાજને હાથે દોરો બાંધી દીધો. તે જોઈ પર્વતભાઈ બોલ્યા, ''વાહ ! આ તો સાક્ષાત્ લક્ષ્મીજી તુલ્ય છે.''

આ સાંભળી કાળો મકવાણો ઊભો થઈ ગયો ને તેને થયું કે જો આ લક્ષ્મીજી હોય તો રૂપિયા માંગી લઉં. દશેરાનો સમૈયો થઈ જાય. તે ચારણિયાણી સામે આશાભરી નજરે જોવા લાગ્યો. ત્યાં ચારણબાઈ બોલી, ''મને તો મીણબાઈ માએ તમારા દર્શન કરવા મોકલી છે અને માએ આ રૂપિયાની થેલી આપી છે.''

આમ કહીને મહારાજના ચરણમાં રૂપિયાની થેલી મૂકીને ચાલતી થઈ.

મહારાજે રૂપિયાની થેલી ખોલાવીને પૈસા ગણ્યા તો પૂરા પાંચસો રૂપિયા નીકળ્યા. મહારાજે કાળાને રૂપિયા આપ્યા અને કહ્યું, ''કાલે હીરા વાણિયાને પૈસા આપીને ભાવનગર મોકલજે, જેથી સમૈયાનો બધા સમાન લઈ આવે.''

કાળો મકવાણો કહે, ''જો હું નહોતો કહેતો, લક્ષ્મીજી આવીને રૂપિયા આપી ગયા ને ?''

મહારાજ કહે, ''હવે આ તો મીણબાઈ માએ લાજ રાખી.''

પણ કાળો મકવાણો છેતરાય તેવો નહોતો.

મહારાજે કારિયાણામાં પાંચ દિવસનો દશેરા ઉત્સવ ધામધૂમથી કર્યો.

# લંકાની લાડીને ઘોઘાનો વર (ફળ કથનમાં ભૂલ...!)

પુરાણી સ્વામી ભક્તિપ્રિયદાસજી

ઘોઘા બંદરમાં વરાહ્ નામના એક જયોતિષી બ્રાહ્મણ રહેતા હતા. તેમના ઘરે એક પુત્રનો જન્મ થયો. જયોતિષના પત્ની કહે આપણો પુત્ર કેવો તેજસ્વી અને રૂપાળો છે.? પતિદેવ પુત્રની પ્રશંસા સાંભળી રાજી થયા. બાળકના જન્મના છઠ્ઠા દિવસે વરાહ બ્રાહ્મણે પુત્રની જન્મ કુંડળી બનાવી. કુંડળીનો ફળાદેશ કરતાં જયોતિષીને ખબર જાણ થઈ કે આપણા પુત્રનું આયુષ્ય સાવ ઓછું છે. પતી પત્નીએ વિચાર કર્યો કે જો આપણે બાળકને ઉછરીને મોટો કરીશું. તો આપણને તેની સાથે મોહ અને અને મમતા બંધાશે. પછી જયારે સંયોગવસાત્ વિયોગ થશે. ત્યારે ખૂબ દુઃખ થશે. માટે તેની સાથે વધારે માયા બંધાય તે પહેલાં તેને છોડી દેવો જોઈએ. છ દિવસ પહેલાં જન્મેલા નવજાત બાળકને તજી (છોડી) દેવાનો નિર્ણય કરી વરાહ બ્રાહ્મણે એક ટબ જેવા વાસણમાં પુત્રને સુવડાવી વાસણને દરિયામાં વહેતું મૂકીને ભૂદેવ બોલ્યા. “ભગવાન તારી રક્ષા કરો” બાળકને સુવડાવેલું વાસણ જયારે દરિયામાં તરવા લાગ્યું. ત્યારે તરતું વાસણ ભાગ્યવસાત્ સામે કાંઠે લંકા નગરી ત્યાં પહોંચ્યું. લંકામાં સુકર્મા નામના વિદ્વાન જયોતિષી રહેતા હતા તે સમુદ્રમાં સ્નાન કરવા માટે આવ્યા હતા. ત્યાં તેમને બાળક સુવડાવેલું વાસણ નજરે દેખાયું. અરે ? આ વાસણમાં તો નાનું બાળક છે? બ્રાહ્મણે બાળકને ઉઠાવી લીધું. બાળકને લઈ સુકર્મા જયોતિષીના ઘરે આવ્યા. ત્યાં બ્રાહ્મણ પત્ની બોલી. આ કોના બાળકને લઈ આવ્યા? ભૂદેવ કહે મને સમુદ્રમાંથી મળ્યું. એક વાસણમાં તણાઈને આવી રહ્યું હતું. તે મેં લઈ લીધું, પછી તો ઘરમાં આવી ભૂદેવે બાળકની ભાગ્યરેખાની કુંડળી જોઈ જાણી લીધું. પછી પત્નીને કહે. સાંભળ! વાતતો જાણે એમ છે. આ બાળકના પિતાએ કુંડળીનો ફળાદેશ કરવામાં ભૂલ કરી ગયા છે. તેથી તેમણે બાળકને અલ્પાયુષવાળું સમજીને છોડી દીધું છે. ખરેખર તો આ બાળકનું ભવિષ્ય ઘણું ઉજળું છે. અને આયુષ્ય પણ પુરું છે. માટે હવે આપણે ઉછેરી મોટું કરીશું. સુકર્મા જયોતિષને ઘરે પહેલાંથી એક દીકરી તો હતી જ. પત્ની કહે, આજથી આપણે બન્ને સંતાનોને ઉછેરી મોટાં કરીશું. સુકર્મા બ્રાહ્મણ કહે કે દેવી? આપણે આ છોકરાનું નામ શું રાખીશું? પત્ની કહે મનોહર રાખીએ. પછી તો બન્ને બાળકો મોટાં થવા લાગ્યાં. સુકર્મા વિપ્ર જયોતિષ વિદ્યા ભણાવવા લાગ્યા, બ્રાહ્મણ કહે કે બાળકો ? પહેલાં બાર રાશિ અને નવ ગ્રહોનાં નામ યાદ રાખો વગેરે જયોતિષ વિષયોનું જ્ઞાન આપી ભણાવ્યાં સમય જતાં દશ વર્ષ પછી બન્ને યુવાન થયાં. ત્યારે સુકર્મા બ્રાહ્મણે એક દિવસ મનોહરને સાચી વાત કરતાં કહ્યું. હે મનોહર! આજે તારા જીવનનું સાચું રહસ્ય કહીશ તે સાંભળ, ખરેખર તું મારો પુત્ર નથી. તું તો ઘોઘા બંદરના જયોતિષીનો પુત્ર છે. એટલું કહી મનોહરના ભૂતકાળમાં જે બની ગયું હતું, તે કેવી રીતે અહીં આવ્યો, વગેરે બધું જણાવ્યું. પછી કહ્યું હવે તું મારી પુત્રી સાથે સંબંધ બાંધી વિવાહ કરી લે. તમે બન્ને સરખી ઉમરનાં છો. તેમજ જયોતિષ વિદ્યાના પારંગત અને જાણકાર છો. ભવિષ્યમાં જયોતિષ વિદ્યાનો પુનરોદ્ધાર કરી શકશો. આ વાતને મનોહર સ્વીકાર કરી સુકર્મા જયોતિષીની પુત્રી સાથે મનોહરના લગ્ન થઈ ગયાં. સુકર્મા કહે હવે તમે બન્ને ઘોઘાબંદર જાઓ ત્યાં મનોહરના માતાપિતાને મળો. પતિ પત્ની બન્ને નાવમાં બેસી ઘોઘા બંદર જવા નીકળ્યાં, રસ્તામાં પત્ની પતિદેવને કહે, આટલાં વર્ષો સુધી મને પણ તમારા

જીવન રહસ્યની ખબર ન હતી. પતિ કહે, હે દેવી! હું પણ લંકાને બદલે ઘોઘામાં રહેતા જયોતિષીનો પુત્ર છું. તે આપણે બન્ને જાણતાં ન હતાં. આવી વાતો કરતાં બન્ને જણ ઘોઘા પહોંચી તેમણે વરાહ જયોતિષનું ઘર, શોધી કાઢયું. પતિ કહે આ રહ્યું મારા પિતાજીનું ઘર, બન્ને ઘરમાં જઈ વરાહ જયોતિષીને મલ્યા અને કહ્યું હે પિતાજી હું તમારો વિશ વર્ષ પહેલાં તજી (છોડી) દીધેલો તમારો પુત્ર છું. પિતાજીની આંખો ખૂલી ગઈ. અરે! મારો પુત્ર જીવિત છે? મેં કુંડળીના ફળ કથનમાં મોટી ભૂલ કરેલી. પરંતુ આ મારી પત્નીના પિતા લંકાના પ્રખર જયોતિષી છે. તેમને હું દરિયામાંથી મલ્યો. અને મારું ભવિષ્ય જોઈ મને ઉછેરીને મોટો કર્યો. માતા કહે હે મનોહર ! આ તારી સાથે આવેલ તે કોણ છે? પુત્ર કહે માતાજી આ મારી લાડી લંકાથી લાવ્યો છું. હું ઘોઘાનો વર અને મારી પત્ની લંકાની લાડી. ત્યારથી એક કહેવત થઈ, ‘‘લંકાની લાડીને ઘોઘાનો વર’’. પછીતો ત્રણે જાણ મળીને જયોતિષ શાસ્ત્રનો ગ્રંથ બનાવ્યો. જેમાં કુંડળીના ફલાદેશ કરવાના પૂર્ણ સિંદ્ધાંતો લખ્યા. જેથી ભવિષ્યામાં ફળ કથનમાં કોઈ ભુલ ન કરે.

# ચિત્રકાર આધારાનંદ સ્વામી

જોધાણી રમીલા દેવજી

આપણે ચિત્રકાર સંત આધારાનંદ સ્વામીના જીવન વિશે જાણીએ સ્વામીનો જન્મ સંવત ૧૮૫૫ના જેઠ સુદ-૮ થયેલો. મેમકા ગામમાં હંસરાજ સુથાર પોતાનું વતન છોડીને ખોલડીયાદ રહેવા આવેલા. તેમના પુત્રનું નામ વીરજી એ જ આપણા સ્વામી આધારાનંદ.

સ્વામી ચિત્રકાર, ગાયક, શિલ્પકાર અને લેખક હતા. જેતલપુરના તળાવના કાંઠે ઊભેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ બનાવી. શ્રી હરિએ જુનાગઢથી નારાયણજી સુથારને બોલાવી આધારાનંદ સ્વામી પાસે ત્રણ મૂર્તિઓ બનાવી અને નારણજીભાઈએ લાકડામાં કોતરીને તેની છાપો બનાવી. એ છાપને આધારે કાગળ ઉપર કોતરીને હજારો મૂર્તિઓ છપાવી. અમદાવાદ મંદિરની હનુમાનજીની મૂર્તિ પણ સ્વામીએ દોરી આપી તે સલાટે પથ્થરમાં કોતરી આપી કાલુપુર મંદિરમાં છે. વડનગરમાં હાટકેશ્વર મહાદેવના મંદિરમાં શ્રીહરિ પાસે ત્યાંના ગવૈયાઓએ ગાન કર્યું. ત્યારે શ્રીજી મહારાજની ઈચ્છાથી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદ સ્વામી તેમજ આધારાનંદ સ્વામી વગેરે સંતો એ વાંજિત્રો સહિત ગાવણું કરીને પરોક્ષના ગવૈયાઓને મંત્રમુગ્ધ કરી દીધા. સ્વામી કવિ પણ હતા. આધારાનંદ સ્વામી કીર્તનમાં બંધબેસતો ન હોવાથી સિદ્ધાનંદ સ્વામી એમ લખતા. મુક્તાનંદ સ્વામી આધારાનંદ સ્વામીના ગુરુ હતા.

શ્રી હરિ ધામમાં ગયા બાદ તેમને એક સંકલ્પ થયો કે, મહાભારતમા એક લાખ શ્લોક છે. તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ શ્રી હરિના પ્રાગટ્ય થી માંડીને અંતર્ધાન સુધીના લીલા ચરિત્રોનો ગુણનો મોટો ગ્રંથ બનાવું. તેમણે રઘુવીરજી મહારાજ પાસે આવો સંકલ્પ જણાવ્યો. મહારાજશ્રીએ સંમતિ આપી. હરિચરિત્રામૃતસાગર નામના વિશાળકાય ગ્રંથનો સંવત ૧૯૧૪ના પ્રારંભ કર્યો. આ ગ્રંથ ૧૩ વર્ષે પૂર્ણ થયો. આ ગ્રંથની શરૂઆત કરી ત્યારે સ્વામીની ઉંમર ૫૯ વર્ષની હતી. આ ગ્રંથમાં ૯૮,૧૪૮ છંદ, ચોપાઈ, ૨૩૦૭ તરંગો અને ૨૮ પુર છે. માગસર સુદ-૭ ના ૨૮ પુરમાં ચોથો તરંગ લખાયો ત્યારે સ્વામી ધામમાં ગયાં. તે ગ્રંથ અધૂરો રહી ગયો. અધૂરો ગ્રંથ નિત્યાનંદ સ્વામીએ પૂરો કર્યો.

વચનામૃત ગઢડા પ્રથમ ૧૮ માં આધારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ‘‘કેવી રીતે વર્તીએ તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય’’?

# વ્યક્તિ વિશેષના આવાગમન સમયે શું કરવું?

રમણ ગજ્જર- અમદાવાદ

આપણા ઘરે મહેમાન આવે ત્યારે આપણે તેમનું સ્વાગત કરવા માટે ઊભા થઈને સામા જઈને તેમનું અભિવાદન કરીએ છીએ. મોટા શહેરમાં તો આપણે તેને લેવા માટે રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ સામા જઈએ છીએ. અને તે જ પ્રમાણે તે જ્યારે આપણા ઘરે થી વિદાય લે છે ત્યારે તેમને શેરીના- સોસાયટીના કે પછી ગામની ભાગોળ સુધી વળાવવા જઇએ છીએ. અને તેમને વાટમાં ઉપયોગ કરવા માટે ભાથું પણ બાંધી આપીએ છીએ. આપણી હિન્દુ સંસ્કૃતિ સનાતન હિન્દુ ધર્મનું આ એક આગવું લક્ષણ છે. આ આપણી પરંપરા છે જેના લીધે પરસ્પર હેત વધે છે. બંને વચ્ચેના સંબંધો ગાઢ બને છે. અને સૌનું કલ્યાણ થાય છે.

તે જ રીતે ઠાકોરજી આચાર્ય આપણા ઘરે આવવાના હોય ત્યારે તેઓનું ઢોલ, નગારા, ત્રાંસા, શરણાઇ, ઝાંઝ, પખાજ વિગેરે લઈને ઓચ્છવ મંડળી સાથે તેઓનું વાજતે ગાજતે સ્વાગત કરવું જોઈએ.

તથા તે જ્યારે વિદાય લે ત્યારે પણ આ જ રીતે ભવ્ય વિદાય આપીએ છીએ. તેવી આપણી સાંસ્કૃતિક, સામાજિક અને સંપ્રદાયિક પરંપરા છે.

વળી તે આપણા ઘેર, ગામમાં રહે ત્યાં સુધી એમની નાની- મોટી સુખ-સગવડોની પૂરતી કાળજી લેવી જોઈએ અને આપણી આર્થિક શક્તિ પ્રમાણે તેમને ભેટ સોગાદ પણ આપવી જોઈએ. પણ તેમના સ્વાગત વિદાય વખતે જરા પણ આળસ, પ્રમાદ, કંજુસાઈ, કરકસર કરવી જોઇએ નહીં.

માધવીય પરાશર સ્મૃતિમાં જણાવ્યું છે કે, ‘‘ગુરુ જ્યારે પધારે ત્યારે સામા જવું, અને જ્યારે વિદાય લે ત્યારે ગામની ભાગોળ સુધી અથવા ગામના સીમાડા પર્યંત અથવા તો ગામની બહાર કોઈ જળાશયો હોય ત્યાં સુધી વળાવવા જવું’’

ગુરુને મીઠો-ઉષ્મા ભર્યો આવકાર આપવો તે તો તેનો પરમ ધર્મ છે અને પરમ કર્તવ્ય પણ છે. ઉત્તમ પ્રકારની આતિથ્ય ભાવના પ્રગટ કરવી તે તો ભારતીય સંસ્કૃતિની આજ્ઞા છે. તે તો શિષ્ટાચાર છે. દબદબા પૂર્વક તેમનું સામૈયું કરવું જ જોઈએ.

શ્રી હરિએ નારાયણગીતા સ.જી. પ્ર.૨.અ.૭માં જણાવ્યું છે કે, ‘‘મારા આશ્રિતએ પોતાના આચાર્યને આવતા સાંભળીને અભિમુખ સામા લેવા જવું અને તેઓશ્રી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું’’.

આજના સમયમાં તેમના ગૌરવને શોભે તેવા વાહનો લઈને તેમનો આદર સત્કાર કરવો જોઈએ. આજે તો ટી.વી.વાળા, છાપાવાળાને પણ બોલાવીને તેને સમાચારોમાં પ્રસિદ્ધિ અપાવવી જોઈએ. તે સમયનો તકાદો છે.

શિક્ષાપત્રી ગ્રંથમાં આજ્ઞાઃ ૭૨માં પણ શ્રીહરિએ આ બાબતની આજ્ઞા કરેલી છે. તેથી નોકરી ધંધામાં રજા રાખીને આ જવાબદારી અદા કરવી જોઈએ. જો તે વિમાનમાં આવવા- જવાના હોય તો એરોડ્રામપર પણ લેવા જવું જોઈએ.

ટૂંકમાં આપના જીનના સગાં પધારવાનાં છે તે સમાચાર સાંભળ્યા ત્યારથી શરૂ કરીને તે વિદાય લે તે સમગ્ર ગાળા દરમિયાન ઉત્સવ જેવું વાતાવરણ સર્જવું જોઈએ તો જ શ્રી હરિની પ્રસન્નતાના આપણે અધિકારી બનીએ. ગુરુની અવજ્ઞા કરનારનો નરકમાં વાસ થાય છે. તે યાદ રાખવું જોઈએ.

# ઉકો સંતની વાતમાં ભળ્યો તેથી...!

**રસિકભાઈ ગોળવિયા, સુરત**

જુનાગઢ દેશનું સાંકળી ગામ જે રામાનંદ સ્વામી વખતનું પ્રસાદીનું ગામ ૧૮ કાશીવાવ પણ પ્રસાદીની છે. જયાં રામાનંદ સ્વામી ઉતરતા રહેતા પછી શ્રીજી મહારાજે પણ તે વાવમાં વારંવાર સ્નાન કરેલું છે. જે જુનાગઢ થી જેતપુર જતા રસ્તાના કાંઠે આવે છે. પ્રસાદીનું સાંકળી ગામ ત્યાં રામાનંદ સ્વામી વખતથી ઘણાજ એકાંતિક ભક્તો રહેતા હતા. જેથી તે ગામમાં વારંવાર સંતોનું આવવાનું રહેતું. રઘુનાથચરણસ્વામી, ગોપાળાનંદ સ્વામીની પરંપરા સંત સાંકળી ગામમાં મંદિર નિર્માણ (હરિ મંદિર) કરવાનું નક્કી કર્યું. તેઓ શિષ્ય સંતો સાથે સાંકળી પધાર્યા. રાત્રે ભક્તોને એકઠા કરી મંદિર કરાવવું છે તેવી વાત કરી અને લખણી (ફાળો નોંધાવાનું કર્યું) કરી તો તે વખતે સસ્તાઈ નો જમાનો ખેતીવાડીનો પાક પણ બરાબર થતો નહીં લખણીમાં માંડ ૩૦૦ રૂપિયા થયા.

સંતો ભગવાનને સંભાળી ધોરાજી કાટમાળ લેવા ગયા. કાટમાળ લખાવ્યો તો તેનું બીલ ૮૦૦ રૂપિયા થયું. રૂપિયા ૩૦૦ પાસે હતા તેથી કાટ માળવાળાના રૂપિયા ૫૦૦ બાકી રાખ્યા. ભગવાન બધું પૂરું કરશે તેમ માની સાંકળી આવી ગયા. શરૂઆતમાં જ ૫૦૦ ઓછા પડ્યા. ચણતરતો ગારા પાણાનું હોય અને સર્વે ભક્તો એને ગામના માણસો સેવા કરવા આવે તેથી કોઈ વાંધો નહીં. સ્વામીને થોડી ઉદાસીનતા આવી કે હવે કેમ કરીશું. સ્વામી વિચાર કરતા મહારાજને સંભાળતા બેઠા છે ત્યાં ગામમાંથી ઉકો પટેલ આવ્યા તે પણ ગરીબ સ્થિતિના હતા. (ઉકો પણ અત્યારે લુખો હતો) તો પણ સ્વામીએ તેમને કહ્યું કે ઉકા મંદિરની લખણી ૩૦૦ ની થઈ હતી. કાટમાળ રૂ. ૮૦૦નો થયો ૫૦૦ ઓછા પડે શું કરીશું? ઉકાએ પણ તેમજ કહ્યું કે સ્વામી શું કરીશું? તેમની પરિસ્થિતિ પણ બરાબર નહી નહીતર તો આપી દે. સ્વામી શું કરીશું? તેમ વાતમાં ભળ્યો સ્વામી ને થોડી શાંતિ થઈ ભલે આપી ન શકે પણ સ્વામી શું કરીશું આવું આશ્વાસન મળ્યું નહીતર ઉતાવળો હોયતો કહે વેત ન હોય તો આવા મોટાં કામ શા માટે આદરતા હશો પછી વળ લેવા પડે! પણ આમ ન કહ્યું સ્વામીની વાતમાં ઉકો ભળ્યો. સ્વામી ને શાંતિ થઈ. ઉકો વાતમાં ભળ્યો જરૂર કંઈક સારું થશે.

પછી સ્વામી ઉપર ભગવાને દયા કરીને સ્વામીને સુઝાડયું અને ઉકાને કહ્યું ઘરે જા તારા પટારા નીચે ચરૂ દાટેલો પડ્યો છે તે કાઢી આવ. ઉકો ઘરે ગયો પટારા નીચે ખોદી ચરૂ કાઢ્યો તો રૂ. ૧૫૦૦ ભરેલો ચરૂ નીકળ્યો તે તેમને તેમ લઈ ઉકો સ્વામી પાસે આવ્યો. ઉકો સ્વામીને કહે છે આમાં ૧૫૦૦ રૂ. તમોને કેટલાની જરૂર છે કેટલા આપું સ્વામી. રૂપિયા ૫૦૦ કાટમાળના બાકી તે આપ તે આપ્યા, પછી સ્વામીને કહે બીજા કેટલા આપું સ્વામી કહે કૂવો ગળવવાના રૂ.૨૦૦ આપ તે આપ્યા હજી કાંઈ? સ્વામી કહે ૧૦૦ રૂપિયા સંતોના ગાદલા ગોદડાના, આપ્યા. કુલ ૮૦૦ રૂપિયા આપ્યા તો પણ ૭૦૦ રહ્યા સ્વામી કહે એ તારા ઘરમાંથી નીકળ્યા એટલે તારા કહેવાય તારી પાસે રાખ તે ઉકાએ તેની પાસે ૭૦૦ રૂપિયા રાખ્યા. આમ સંતના વચનને શું ન થાય? મંદિર થયું અને ઉકાનો વ્યવહાર સુધાર્યો આતો પ્રગટ શ્રીહરિના સંતો બોલે તેમજ થાય. પછી સ્વામી ઉકા ઉપર બહુ રાજી થયા. ઉકાને કહે માંગ આજે જે માંગતે આપુ. ઉકો કહે સ્વામી ખરેખર રાજી થયા હોતો આપ જે માળા ફેરવો તેની અડધી માળાનું પુણ્ય મને આપો. સ્વામી કે તથાસ્તુ જા આપ્યું. આખી જિંદગી રઘુનાથચરણદાસજી સ્વામીએ માળા ફેરવી તેનું પુણ્ય ઉકાને મળે તેવો સંકલ્પ મૂક્યો માત્ર એક સંતના શબ્દમાં સાથે ભળવાથી કંઈ આપી દીધું નહીં પણ સંતની વિટંબણામાં ભાગીદાર થયો હા માં હા મિલાવી તો પણ માળાનું પુણ્ય કરતા અક્ષરધામ મળ્યું અને આ સંસારમાં આર્થિક સુખ પણ મળ્યું આવું છે સંતોની હા માં હા મેળવવાનો ફાયદો.

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

# ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**:: પોથીયાત્રા ::**

સં. ૨૦૭૮, કાર્તિક વદ ૩૦, શનિવાર, તા. ૦૪-૧૨-૨૦૨૧, સાંજે ૩:૦૦ વાગ્યે

**:: કથા પ્રારંભ પ્રથમ દિવસ ::**

સં. ૨૦૭૮, માગશર સુદ ૧/૨, રવિવાર, તા. ૦૫-૧૨-૨૦૨૧

**:: કથા વિરામ સાતમો દિવસ ::**

સં. ૨૦૭૮, માગશર સુદ ૮ શનિવાર, તા. ૧૧-૧૨-૨૦૨૧ સાંજે ૭:૦૦ વાગ્યે

**:: નારાયણ યજ્ઞ ::**

સં. ૨૦૭૮, માગશર સુદ ૯, રવિવાર, તા. ૧૨-૧૨-૨૦૨૧, સવારે ૬:૩૦

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૦૫-૧૨-૨૦૨૧ થી તા. ૧૧-૧૨-૨૦૨૧ સુધી સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-**
**પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૨૦ પાસ આપવામાં આવશે.**
**સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય**
**તેમાં ૨૧ પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮X૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

**: કથા સ્થળ :**

## શ્રી સ્વામિનારાયણ મંદિર

**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦**

# સત્સંગ સમાચાર દેશ

## કૃષ્ણ જન્મોત્સવ-ભુજ

સમગ્ર ભારતવર્ષમાં વૈષ્ણવો જન્માષ્ટમીના દિવસે ભગવાન શ્રી કૃષ્ણના જન્મનો ઉત્સવ ધામધૂમથી ઉત્સાહ અને ઉમંગભેર ઉજવે છે. આપણા સંપ્રદાયની પરંપરા મુજબ ભુજ મંદિરમાં પણ તા. ૩૦-૦૮-૨૦૨૧ ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવન દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, તથા વડીલ સંતોના આશીર્વાદથી જન્માષ્ટમીના ઉત્સવની ઉજવણી ભક્તિમય વાતાવરણમાં કરવામાં આવી હતી.

આખો દિવસ ભગવાન શ્રીકૃષ્ણને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. રાત્રે બાર વાગ્યે શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ ઉજવાયો. સંતો અને હરિભકતોની ઉપસ્થિતિમાં પૂજ્ય મહંત સ્વામી દ્વારા આરતી ઉતારવામાં આવી અને ''લાલા'' ને પારણીયામાં ઝૂલાવવામાં આવ્યા હતા. બાલકૃષ્ણના દર્શન કરીને સૌએ ધન્યતા અનુભવી હતી. મટકીફોડ અને રાસોત્સવ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યાં. સંતો અને હરિભકતો તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પંચાજીરીનો અને પંચામૃતના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું અને હર્ષોલ્લાસથી વાતાવરણ દિવ્યમય બની ગયું.

જન્માષ્ટમી મહોત્સવનું યજમાનપદ ડોક્ટર રાજેન્દ્ર રામાણી અને ડોક્ટર માનસીના લગ્ન નિમિત્તે અશોક કુમાર ખટાઉ ઠક્કર ધર્મપત્ની આશાબેન સહપરિવારે શોભાવ્યું હતું.

ઉત્સવને સફળ બનાવવામાં સમિતિના સંતો અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

તા. ૦૫-૦૯-૨૦૨૧ ના ભગવાન શ્રી બાલકૃષ્ણની મહંત સ્વામી દ્વારા આરતી ઉતારી પારણીયેથી ઉતારવામાં આવ્યા. ભગવાનની છઠ્ઠીના દિવ્ય દર્શનનો લાભ લઈ સૌ ધન્યતા અનુભવી.

## ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સંતો સાથે શુભેચ્છા મુલાકાત

મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી, સદ્ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા અને આશીર્વાદથી ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાથેની શુભેચ્છા મુલાકાત યોજાઇ હતી.

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ કચ્છના સમગ્ર ટ્રસ્ટી મંડળવતી ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવન દાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશ દાસજી, શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, કોઠારી પ. ભ. મૂરજીભાઇ શીયાણી, ઉપકોઠારી પ. ભ. જાદવજીભાઇ ગોરસીયા, સલાહકાર પ. ભ. રામજીભાઇ વેકરીયા ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરી શ્રી નરનારાયણદેવના પ્રસાદ સાથે શાલ અર્પણ કરી ભુજ મંદિરના મહંત સ્વામી વતી શુભેચ્છા પાઠવી હતી અને સંસ્થાના સેવાકાર્યોથી વાકેફ કર્યા હતા. ગુજરાત તેમજ કચ્છના વિકાસ કાર્યોમાં ખાશ કરીને નર્મદા કેનાલ કાર્યમા શ્રી નરનારાયણદેવ તથા મહંત સ્વામી આપને બળ આપે અને આપના હસ્તે જલ્દી કાર્ય પૂર્ણ થાય એવી શ્રીજી મહારાજને પ્રાર્થના

સહ શુભભાવના વ્યક્ત કરી હતી .

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

ભુજ મંદિરના સંતો દર વર્ષે વિદેશ પ્રવાસ કરી સત્સંગ દ્વારા ધાર્મિક પ્રચાર અને પ્રસાર કાર્ય કરી વિદેશ વસતા હરિભક્તોની ભક્તિમાં દઢતા લાવે છે. આ વર્ષે કોવિડ-૧૯ ના કારણે આપણા સંતો વિદેશ જઈ શક્યા ન હોવાથી ભુજ મંદિર દ્વારા ઓનલાઈન કથા પારાયણનું આયોજન કરી સમગ્ર વિશ્વના હરિભક્તોને સત્સંગનો લાભ આપ્યો હતો.

ભૂજ મંદિરમાં તારીખ ૨૪-૦૮-૨૦૨૧ થી ૩૦-૦૮-૨૦૨૧ સુધી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન લંગાટા, પૂર્વ આફ્રિકા અને મોમ્બાસાના હરિભક્તો ના વિશેષ આગ્રહથી રાત્રે કથા પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન સંતો પુ. સ્વામી શ્રીરંગદાસજી તથા પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી એ પોતાની સરળ સચોટ અને રસમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી કથા શ્રવણ કરતાં સમગ્ર વિશ્વમાં શ્રોતાગણને તૃપ્ત કર્યા. પ્રસંગોને પ્રેરક અને પ્રબળ બનાવવા સંગીતકાર સંત શ્રી સુંદર અને સુમધુર સંગીત પીરસ્યું હતું.

કથા દરમિયાન મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી શ્રીહરિદાસજી તથા સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતોએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી એ કર્યું હતું.

### સપ્તાહ કથા પારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને પૂજ્ય સદ્ગુરુ મહંત પુરાણી સ્વામી તથા વડીલ સંતોના આશીર્વાદથી તારીખ ૧૯-૦૯-૨૦૨૧ થી ૨૫-૦૯-૨૦૨૧ સુધી ભુજ મંદિરના સભામંડપમાં શ્રીમદ્ ભાગવતની કથા પારાયણનું આયોજન અક્ષર નિવાસી માવજીભાઈ હરજી ભગતની પુણ્ય સ્મૃતિમાં કરવામાં આવેલ હતું. જેનું યજમાનપદ અક્ષર નિવાસી માવજીભાઈ ના પરિવારે શોભાવ્યું હતું. વ્યાસાસને વિરાજમાન થઇ વિદ્વાન વક્તા સંતો પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી, શાસ્ત્રી સ્વામી સુખનંદનદાસજી અને પુરાણી સ્વામી આનંદસ્વરૂપદાસજીએ કથામૃતનું રસપાન કરાવી શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતા.

કથા દરમિયાન મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી સરજુદાસજી, સ્વામી ભક્તિપ્રિય દાસજી, સદ્ગુરુ સ્વામી કેશવજીવન દાસજી, સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંતોએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી અને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

### ગણેશ ઉત્સવ

ભૂજ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને પૂજ્ય સદ્ગુરુ પુરાણી મહંત સ્વામી તથા વડીલ સંતોના આશીર્વાદથી ગણેશ ચતુર્થીનો ઉત્સવ તારીખ ૧૦-૦૯-૨૦૨૧ ના રોજ ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધા પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. વિઘ્નહર્તા દેવની આરતી પૂજ્ય મહંત સ્વામીએ ઉતારી હતી. તેમજ ગણપતિ પૂજન વિધિ કરવામાં આવી હતી અને મોદકનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં સંતો અને હરિભકતો એ ઉમંગભેર જોડાયા હતા અને દર્શન કરીને સૌ ધન્યતા અનુભવી હતી.

અહેવાલઃ ભરતભાઈ મહેતા

### અંજાર મંદિરે પારાયણ તેમજ વિવિધ આયોજનો

### શ્રી હરિબળગીતા જ્ઞાનસત્ર

તારીખ ૨૬-૦૮-૨૦૨૧ થી ૩૦-૦૮-૨૦૨૧, પંચરાત્રીય શ્રી હરિબળગીતા જ્ઞાનશાસ્ત્રનું શ્રી

ઘનશ્યામ સભા મંડપમાં રાત્રે ૮:૪૫ થી ૧૦:૧૫ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

સભામાં દરરોજ અંજાર મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી, પુરાણી સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી અદ્‌ભુતચરણદાસજી, સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, આદિક પૂજ્ય સંતોના સાનિધ્યમાં પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજીના વક્તા પદે તથા ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીનો અમૂલ્ય લ્હાવો ગામ ગામથી પધારેલા ભક્ત સમુદાય, શહેરીજનો તથા યજમાન પરિવારે લીધો હતો, દરરોજ અંજાર મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતો એ પ્રાસંગિક પ્રવચનોમાં દ્રષ્ટાંતો દ્વારા શ્રી હરિનું બળ આપણામાં વધે તેવી વાતો કરેલ તથા વિવિધ પ્રકારનો પ્રસાદ દરેકને અપાયો હતો. યજમાન પદે અક્ષર નિવાસી કલ્યાણભાઈ લક્ષ્મણભાઈ કેરાઈ ધર્મપત્ની અક્ષર નિવાસી રાધાબાઈ હસ્તે વાઘજીભાઈ કલ્યાણ કેરાઈ ધર્મપત્ની માનબાઈ સુપુત્ર નિતીન તથા ધીરજ- રામપર- વેકરા હાલે સિડની (ઓસ્ટ્રેલિયા) રહ્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી તથા કોઠારી પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું.

## શ્રી કૃષ્ણ જન્મોત્સવ

તા. ૩૦-૦૮-૨૦૨૧ શ્રાવણ વદ-૮, જન્માષ્ટમી હોવાથી ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાય છે જેમાં રાત્રે ૮:૪૫ વાગ્યેથી મહામંત્રની ધૂન તથા ૯:૩૦ થી ૧૧.૦૦ સુધી કથા વાર્તા તથા ૧૧.૦૦ થી ૧૧.૪૫ રાસોત્સવ ત્યારબાદ ૧૨.૦૦ વાગ્યે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી વડીલ સંતોએ ઉતારેલ તથા રાત્રે ૧૨.૧૫ મટકીફોડના આયોજનોના સથવારે નંદનંદન ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયેલ. આ પ્રસંગના મુખ્ય યજમાનશ્રી અક્ષર નિવાસી પ્રિયાંશી બેન કૌશલભાઇ પટેલ, હસ્તે કૌશલભાઇ કાંતિભાઈ ધર્મપત્ની સોનલબેન સપરિવાર- ગામ ઉનાવા હાલે અમેરિકા રહેલ, હરિભક્તો આ અલભ્ય લાભ લઇ ધન્ય થયા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન પુ.કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. આમ વિવિધ કાર્યક્રમો દ્વારા જન્માષ્ટમી ધામધૂમથી ઉજવવામાં આવેલ. સર્વે હરિભક્તોને પંજરી તથા પંચામૃતના પ્રસાદ દ્વારા ધન્ય કરેલ શ્રીકૃષ્ણના નાદ સાથે આખું વાતાવરણ ભક્તિમય થયું હતું.

## પંચદિનાત્મક શ્રી ગણેશ મહોત્સવ

ભાદરવા સુદ-૪ તા. ૧૦-૦૯-૨૦૨૧ થી ભાદરવા સુદ-૮ તા. ૧૪-૦૯-૨૦૨૧ સુધી દરરોજ ગણપતિજીનું પૂજન રાખવામાં આવેલ. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે ભાદરવા સુદી ચતુર્થીને દિવસે ગણપતિજીની પૂજા કરવી, તો આ મહારાજની આજ્ઞા અનુસાર શ્રી સ્વામિનારાયણ મંદિર અંજારમાં ભવ્ય પંચદિનાત્મક શ્રી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંજે ૭:૩૦ થી ૮:૩૦ ગણેશ પૂજન, તા. ૧૪-૦૯-૨૦૨૧ મંગળવારના સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ સુધી નૂતન યજ્ઞ મંડપમાં હોમ-હવન રાખવામાં આવેલ જેમાં શહેરના સંનિષ્ઠ સત્સંગીઓના પ.ભ. નરેન્દ્રભાઈ સોમૈયા, પ.ભ. પ્રેમજીભાઈ માલસત્તર, પ.ભ. વિપુલભાઈ ચુનીલાલ પટેલ તથા પ.ભ.પરેશભાઈ હીરાણી વગેરે ભક્તો યજમાન પદ સ્વીકારીને યજ્ઞનારાયણ ભગવાનને આહુતિઓ આપી હતી. તથા ૧૧.૦૦ વાગ્યે મંત્રોચ્ચાર સાથે સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજી, સદ્‌ગુરુ સ્વામી શાંતિપ્રિયદાસજી, સદ્‌ગુરુ પુ.સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુ. સ્વામી

અદ્ભુતચરણદાસજી, પુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિ સંતોના વરદ હસ્તે શ્રીફળ હોમીને યજ્ઞની સમાપ્તી કરવામાં આવી હતી. પધારેલા યજમાનોને સદગુરુ સ્વામી શાંતિપ્રિય દાસજીએ આશીર્વાદમાં યજ્ઞનો મહિમા સમજાવીને સહુ યજમાનોન સંતુષ્ટ કર્યા હતા. પ્ર.ભ. મયુરકુમાર નારણભાઈ ભુડિયા, નારણપર (ઉ.વા) હાલે લન્ડન-હેરો વાળાએ આ મહોત્સવના મુખ્ય યજમાન પદ પર રહીને ઠાકોરજી તથા સંતોને રાજીપો પ્રાપ્ત કરેલ. સાથે સહ યજમાન પદે પણ શહેર થતાં ગામ ગામના લોકો જોડાયેલ. ગણેશ ઉત્સવના દર્શન કરવા માટે ભક્તોની મોટી ભીડ જામી હતી દરેકને લચપચીયા ચુરમાના લાડુનો પ્રસાદ આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અંજાર મંદિરના કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા પૂ. સ્વામી દેવનંદનદાસજી આદિ સંતો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી

અહેવાલઃ- ઠક્કર મેહુલભાઈ પ્રવિણચંદ્ર (અંજાર)

## માંડવી મંદિર મધ્યે પારાયણો તેમજ વિવિધ આયોજનો નારિયેળ ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં મહંત સ.ગુ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી નીચે પ્રમાણેનાં આયોજનો થયાં હતાં.

શ્રાવણ સુદ પૂનમ તા. ૨૨-૦૮-૨૦૨૧ રવિવારના રોજ નારિયેળ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી વૃદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રીઘનશ્યામ મહારાજ સમક્ષ નારિયેળ ધરવામાં આવેલ. સાથે – સાથે ટોપરાપાક તેમજ મલાઈ ધરવામાં આવી હતી.

## શ્રીકૃષ્ણ જન્માષ્ટમી

તારીખ ૩૦-૦૮-૨૧ શ્રાવણ વદ-૮ના રોજ માંડવી મધ્યે વડીલ સંતોના આશીર્વાદથી જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી કરવામા આવ્યો હતો. આ પવિત્ર દિવસે શણગાર આરતી બાદ ઉદ્ધવ સંપ્રદાયના સંસ્થાપક ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીનો પ્રાગટય દિવસ હોવાથી શ્રીઠાકોરજીની સમક્ષ જગદ્ગુરુ શ્રી રામાનંદ સ્વામીનું પૂજન કરવામા આવ્યું. આ પુજનમાં સંતો સાથે માંડવી વિસ્તારના હરિભક્તો જોડાયા હતા.

આ દિવસે રાત્રે ઠાકોરજીનું પૂજન કરવામાં આવ્યું હતું. મંડળીવાળા હરિભકતો પોતાના વાજીત્રો લઈ નંદસંતો રચિત કીર્તનો ગાંઈ સમૈયો કર્યો હતો. બાદ સંતો-ભકતોને રાસ રમાડીને મંત્રમુગ્ધ કર્યા હતા. ત્યાર બાદ જન્માષ્ટમીનો દિવસ હોવાથી ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટોત્સવની શા. સ્વામી અક્ષરમુનિ દાસજીએ કથા શ્રવણ કરાવી હતી. ત્યાર બાદ રાત્રે ૧૨:૦૦ વાગ્યે ઠાકોરજીની જન્મોત્સવની આરતી કરવામાં આવી. સૌ હરિભકતોએ કરેલ ઠાકોરજીના જયઘોષની સાથે મંદિર ગુંજી ઊઠયું હતું. ત્યાર બાદ ઉત્સવ માણવા આવેલા હરિભકતો એ પંચામૃત તથા પંચાજીરીનો પ્રસાદ લઈ છુટ્ટા થયા હતા.

## ચાતુર્માસ કથા સમાપ્તિ તેમજ જામફળ ઉત્સવ

તા. ૦૩-૦૯-૨૦૨૧ રવિવાર, શ્રાવણ વદ એકાદશીના રોજ જામફળ ઉત્સવ રાખવામાં આવેલ હતો. શ્રી ઠાકોરજીને જામફળ ધરવામાં આવ્યાં હતાં. જેના યજમાનપદે પ.ભ. દિનેશભાઈ પ્રેમજી વાલાણી-બળદિયા રહયા હતા.

તેમજ માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે ચાતુર્માસ અંતર્ગત ચાલતી શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય

એવં શ્રીમદ્ ભાગવત કથાની પૂર્ણાહુતી કરાઈ હતી.

વક્તાપદે શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજીએ શિક્ષાપત્રી ભાષ્ય તેમજ પુરાણી સ્વામી રાઘવમુનિ દાસજીએ શ્રીમદ્ ભાગવત કથાનું સુમધુર શૈલીમાં કથા શ્રવણ કરાવી સર્વે હરિભક્તોને રાજી કર્યા હતા.

૪૫ દિવસ સુધી કથા સંભળાવનાર બન્ને વક્તાઓને માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ પૂજન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રીઠાકોરજી માટે સોનાની ૨ આરતી માંડવીના પ.ભ. ગં.સ્વ. સામબાઈ મનજી આસાણી,અ.નિ.તેજબાઈ ધનજી કારા હસ્તે મેઘબાઈ મેઘજી આશાણી પુત્રવધુ વૈષ્ણવીબેન નવિન આશાણી સુપુત્રી જાષ્વી,વેદિકા આશાણી,અમરતબેન દિનેશ હિરાણી સપરિવાર-માંડવી તેમજ બીજા યજમાન પ.ભ અ.નિ. ધનજીભાઈ હરજી રાબડીયા ગં.સ્વ.રતનબાઈ સુપુત્ર રવજીભાઈ, ગોવિદભાઈ, કરસનભાઈ, હિરજીભાઈ, અરવિદભાઈ-રામપર, લંડન આ ૨ પરિવાર દ્વારા ૨ અર્પણ કરવામાં આવી હતી. યજમાન પરિવારને સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આજના દિવસે અ.નિ. ધનબાઈ વિશ્રામ ગાજપરિયા હસ્તે. વિશ્રામભાઈ પ્રસાદના યજમાન થયા હતા. અને ધનબાઈની સ્મૃતિમાં ભુજ તથા માંડવી મંદિરમાં શ્રી ઠાકોરજી તિથી થાળ, રસોઈ, સંતોને ધોતિયા વગેરેની સેવા અર્પણ કરી હતી.

આ પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવત્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી શ્રીહરિદાસજી આદિક સંતો પધારી દર્શન તથા આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ પ્રસંગે તન-મન ધનથી સેવા કરનારા હરિભક્તો પૈકી એક માસ પર્યંત વિવિધ હિંડોળા તૈયાર કરવાની સેવા કરનાર કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સ્ત્રી ભક્તો તેમજ રસોડા વિભાગમાં સેવા આપનાર સૌ હરિભક્તો તથા બહેનોનું સન્માન કરાયું હતું.વિવિધ ઉત્સવમાં હર હંમેશ સેવામાં તત્પર એવા સાંખ્યયોગી બેનોની સેવાની બિરદાવી હતી. છેલ્લે ૪૫ દિવસ દરમિયાન દૈનિક ૩,૫,૭,૧૫, મહિના દિવસની કથાના યજમાન થયેલ દરેક સંતો સાથે રહી આરતીમાં જોડાયા હતા.

## એક દિવસીય સર્વમંગલયાગ

તારીખઃ-૪-૯-૨૧ શનિવારના રોજ એક દિવસીય સર્વમંગલયાગનું આયોજન રાખવામાં આવેલ.આ પ્રસંગે માંડવી તેમજ ભુજ ચોવીસીના ૧૦૮ સાંખ્યયોગી બહેનો પધારી જનમંગળના ૩ પુરશ્ચરણ ૩૩ હજાર પાઠ કરવામાં આવેલ.આ કાર્યક્રમના યજમાન પ.ભ.હરીશભાઇ કરસન હિરાણી-કોડકી,કીસુમુ, પ.ભ. કેસરાભાઈ કરસન વાલાણી બળદિયા-નૈરોબી, લક્ષ્મી ગ્રુપ હસ્તે દિનેશભાઈ હીરજી વરસાણી સામત્રા-નૈરોબી, પ.ભ.અરજણભાઈ ગોપાલ વરસાણી-કોડકી, ઓલ્ડહામ, પ.ભ.શામજીભાઈ રતનશી ભગત, અ. નિ. અમરતભાઈ રતનશી ભગત-કુમટા રવાપર તથા કાંતિભાઈ દેવજી છભાડીયા માંડવી હાલ કિસુમુ રહ્યા હતા. સર્વે સાં.યો. બહેનોને યજમાનો તરફથી કંઠી, ચંદનની માળા અને બેસવા માટે ઉનનું આસન વગેરે અર્પણ કરાયું હતું.

## પ્રસાદી મંદિર/પ્રસાદીનો વંડો/પ્રસાદીની મીઠી વિરડી મધ્યે ઉજમણી

તેમજ તારીખ ૫-૯-૨૦૨૧ તેરસના રોજ શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર મુકામે ઉજમણી તથા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજમણીના યજમાન મેલબોર્ન મંદિર દશાબ્દી મહોત્સવ માસ પારાયણ ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન

(ઓસ્ટ્રેલિયા)ના હરિભક્તો રહ્યા હતા.

તેમજ પ્રસાદીભુત સ્થળ એવા પ્રસાદીનો વંડે શિવપૂજન, સમૈયો, રાસોત્સવ તથા છેલ્લે મહંત સ્વામી આદિ સંતોના રૂડા આશીર્વાદ પાઠવમાં આવ્યા હતાં. તા.૬-૯-૨૦૨૧ અમાસના રોજ વંડામાં શ્રીહનુમાનજી મહારાજની નિશ્રામાં ભવ્ય ઉજમણી થઇ હતી.ઉજમણીના યજમાન પ.ભ. કલ્યાણભાઇ લાલજી હિરાણી ધ.પ. રતનબેન પુત્ર અલ્પેશ ધ.પ. શાંતુબેન, પૌત્ર આરૂષ, પૌત્રી નિર્વી સપરિવાર, (માંડવી) રહ્યા હતા. ઉજમણીમાં આવેલ ભક્તોને સંતોએ આશીર્વચન આપ્યા હતા.

તારીખ ૨૦-૯-૨૦૨૧ સમુદ્ર કિનારે આવેલ પ્રસાદીની મીઠી વિરડીએ ઉજમણીનો ઉત્સવ રાખવામાં આવેલ. જેના યજમાન અ.નિ. કેસરાભાઇ રામજી છભાડિયા ધ.પ. અ.નિ. રતનબાઇ, અ.નિ. રવજીભાઇ રામજી ધ.પ. પ્રેમબાઇ હસ્તે ઘનશ્યામભાઇ તથા ખીમજીભાઇ-માંડવી (કેરીચો) માંડવી મંદિર દ્વારા કોઠારી સંતો નેજા હેઠળ આયોજન થયાં હતાં.

પ્રસાદીની જગ્યા હોવાથી અક્ષરનિવાસી આત્માઓ પાછળ પુત્ર પરિવાર દ્વારા કરવામાં અવતી સરાવણા વિધિ માટે ઘટતી સગવડો ઊભી કરવામાં આવી છે. જેનું આજે વાસ્તુ પૂજન રાખવામાં આવેલ હતું. હવે સૌ કોઈ ભક્તો સરાવણાની વિધિ મીઠી વિરડી કરી શકશે.

## ગણેશ ચતુર્થી

માંડવી મધ્યે તારીખ ૧૦/૯/૨૦૨૧ શુક્રવાર ભાદરવા સુદ ચોથના દિવસે ભૂદેવો દ્વારા ગણેશ સહસ્ત્રનામાવલી દ્વારા ૧૦૦૦ આહુતિ સાથે હોમ કરવામાં આવેલ. બપોર પછી ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન ગણપતિ મહારાજનું પૂજન કરવામાં આવેલ. ઉત્સવના યજમાન પદે પરમભક્ત મયૂરભાઈ નારણ ભૂડિયાની મિક્ષાબેન સાથે સગાઈ પ્રસંગે હસ્તે પિતાશ્રી નારણભાઈ વેલજી ભુડીયા ધ.પ. પ્રેમીલાબેન નારણપર લંડન આ પરિવાર રહ્યો હતો.યજમાન પરિવાર તરફથી ૧૨ના ઠાકોરજી થાળ તથા સંતોને રસોઈ,સુદ નોમના તુલસીપૂજન,બ્રહ્મભોજન વગેરે સેવાઓ કરાઈ હતી. પૂ.મહંત સ્વામીએ મંગલ પ્રસંગ નિર્વિઘ્ન સંપન્ન થાય એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## ભારાપર કથા પારાયણ

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર ભારાપર મધ્યે અ. નિ. સ્વામી ઘનશ્યામવિહારીદાસજીની સ્મૃતિમાં ત્રિદિનાત્મક કથા પારાયણનું તારીખ ૧૧/૯/૨૦૨૧ થી તારીખ ૧૩/૯/૨૦૨૧ સુધી આયોજન કરવામાં આવેલ હતું.

જેના વક્તાપદે શા. સ્વામી અક્ષરમુનિદાસજી તથા પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વાઘજીભક્ત રચિત શ્રીપુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા ગ્રંથનું રસપાન કરાવેલ. પારાયણના યજમાનપદે અ.નિ. કાનજીભાઈ માવજી હિરાણી ગંગા સ્વ.માતૃશ્રી વિરબાઈ સુપુત્રો કેસરાભાઈ કાનજી હિરાણી,વાલજીભાઇ કાનજી હિરાણી, ધનજીભાઇ કાનજી હિરાણી,રતનશીભાઈ કાનજી હિરાણી- ભારાપર તેમજ સમસ્ત હિરાણી પરિવાર રહેલ હતો. આ પ્રસંગે અંજાર મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સંતમંડળે કથા-વાર્તા,આશીર્વચનનો લાભ આપેલ હતો. કથા પ્રસંગ અંતર્ગત માંડવી કચ્છ પશ્ચિમ પ્રદેશ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળની સભા રાખવામાં આવી હતી. સાથે સાથે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની સભા સાં.યો. બહેનો દ્વારા કરવામાં આવી હતી.

સંતો તથા હરિભક્તોના સહકારથી પારાયણનું આયોજન ધૂમધામથી થયું હતું. પૂર્ણાહુતિના દિવસે યજમાન પરિવારને માંડવી તથા અંજાર તેમજ અન્ય મંદિરોથી શૈક્ષણિક સંસ્થાનોમાંથી આવેલ સંતો

દ્વારા મહંત સ્વામીના હસ્ત પહેરામણી કરવામાં આવી હતી. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિય દાસજીએ સંભાળ્યું હતું.

## પંચાન્હ પારાયણ

તારીખ ૧૬-૯-૨૧ થી તારીખ ૨૦-૯-૨૧ સુધી પંચદિનાત્મક કથાનું આયોજન કરવામાં આવેલ. પિયાવાના અ.નિ. પ.ભ.મેઘજીભાઈ લક્ષ્મણ હીરાણી અ.નિ. અમરબાઈ મેઘજી હિરાણીની પુણ્યસ્મૃતિમાં વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીપુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પારાયણનું આયોજન રાખેલ છે. જેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિ દાસજી તથા પુરાણી સ્વામી રામાનુજદાસજી રહ્યા હતા.

આ પ્રસંગે ભુજ,અંજાર તથા વિવિધ ભુજ મંદિર હેઠળ ચાલતા ગુરુકુળો તથા ગામડે ગામડેથી સંતો પધાર્યા હતા. ઉપમહંત સદ્‌ગુરુ. સ્વામી ભગદ્‌જીવન દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, અંજાર મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિક અનેક સંતો યજમાન પરિવારના આમંત્રણને માન આપી પધાર્યા હતા અને આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાન પરિવાર દ્વારા ઘનશ્યામ મહારાજને સુવર્ણ આભૂષણો ૫ આંગળીઓનો વેઢ સહિત પદ્મ તથા રાધાજીને બે તોલાની ૨ બંગડી અર્પણ કરવામાં આવી હતી. યજમાન પરિવાર વતી શ્રીઠાકોરજીનું રસોડું. તેમજ દર સુદ નોમના સર્વમંગલસ્તોત્રથી તુલસીપત્ર વડે થતાં પૂજનના યજમાન પણ રહ્યા હતા.

ભુજ તથા માંડવી મંદિર તરફથી અ.નિ. મેઘજીભાઈના સુપુત્રો નાનજીભાઈ, મનજીભાઇ, હીરજીભાઇ, રવજીભાઇ સપરિવાર પીયાવા - માંડવીને પહેરામણી કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

## મેલ્બોર્ન (ઓસ્ટ્રેલિયા) ના યજમાન પદે માસ પારાયણ

મેલ્બોર્ન ઓસ્ટ્રેલિયા મંદિરના દસમા વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે પવિત્ર શ્રાવણ માસમાં મેલબોર્ન મંદિરના યજમાનપદે માંડવી મંદિર દ્વારા માસ પારાયણનું આયોજન જીવંત પ્રસારણ કરવામાં આવેલ હતું.

શા.સ્વામી શુકમુનિદાસજી, શા.સ્વામી અક્ષરમુનિદાસજી, પુ.સ્વામી દેવવિહારીદાસજી, પુ.સ્વામી રાઘવમુનિદાસજી આ ચાર વિદ્વાન વક્તાઓએ કૃષ્ણાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્ર ચિંતામણી ગ્રંથ પોતાની રસાળ વાણીથી મહારાજના ચરિત્રો ગાયા હતા. માંડવી મંદિરના મહંત સદ્‌. સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌. સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌. સ્વામી હરિબળદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ વડીલ સંતોએ સર્વે હરિભક્તોને રુડા આશીર્વાદ પાઠવ્યા હતા.

જન્માષ્ટમીના દિવસે ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય હોવાથી ઓનલાઇન જન્મોત્સવ તથા મટકીફોડ મેલબોર્ન તથા સીડનીના હરિભક્તોએ વક્તા સંતોના સથવારે ઘરે ઘરે ધામધૂમથી સંગીત સાથે હર્ષ પૂર્વક ઉજવ્યો હતો.

આ પારાયણ પ્રસંગે મેલબોર્ન મંદિરના હરિભક્તોએ શ્રીઠાકોરજીના મહિનાના થાળ,વાઘા, સંતોની રસોઇ, ધોતિયાં, સાં. યો. બહેનોને રસોઇ. ગાયોને ચારો, શિવપૂજન, પ્રસાદી મંદિરે થાળ, શ્રી ઠાકોરજીનું રસોડું, એક દિવસીય શ્રી સર્વમંગલયાગ, શ્રી વિષ્ણુસહસ્રનામ પારાયણ તથા બ્રહ્મભોજન, તુલસીપત્ર દ્વારા પૂજન,મુંગા-બહેરા શાળામાં ભોજન, વૃક્ષારોપણ, મહાપૂજા વગેરે અનેક આયોજનો થયાં હતાં. મેલબોર્ન મંદિરના હરિભક્તો આ આયોજનથી ખૂબ રાજી થયા હતા.

સભા સંચાલન કોઠારી સ્વામી સર્વમંગલ દાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલઃ- કો.સ્વામી સર્વમંગલદાસજી

## શ્રી સ્વામિનારાયણ મંદિર મુન્દ્રા ગણેશ ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં ભાદરવા સુદ-૪ દિવસે ગણપતિજીનું પૂજા કરવાની આજ્ઞા આપી છે. તેમજ પુરાણોમાં ગણપતિના વિશેષ પૂજનનો મહિમા ગવાયો છે. એ મુજબ ભાદરવા સુદ-૪ થી ભાદરવા સુદ-૧૫ પૂનમ સુધી ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. એ જ પ્રણાલિકા મુજબ શ્રી સ્વામિનારાયણ મંદિર મુન્દ્રામાં તારીખ ૧૦-૦૯-૨૦૨૧ ભાદરવા સુદ-૪ ચોથના દિવસે ષોડશોપચારથી પૂજન કરી ગણપતિજીનું પૂજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૫-૦૯-૨૦૨૧ થી તારીખ ૧૯-૦૯-૨૦૨૧ સુધી ગામ કેરાના અક્ષર નિવાસી નાનબાઈની પુણ્યસ્મૃતિમાં ગણેશોઉત્સવ ઉપલક્ષમાં સાંખ્યયોગી બાઈઓ દ્વારા મહર્ષિ વાલ્મિકી રચિત ગ્રંથ રામાયણની કથાનું વાંચન કરવામાં આવ્યું હતું. માનકુવાના સાં.યો. નાનબાઈએ રામાયણની કથા સંભળાવી હતી. કથાની સમાપ્તિ તા.૧૯-૦૯-૨૦૨૧ ભાદરવા સુદ-૧૪ ચૌદશના રવિવારના દિવસે 'મોદક ઉત્સવ'માં સિંહાસનમાં સિંહાસનના દેવો સાથે ગણપતિજીનું સ્થાપન કરી ભગવાન આગળ લાડુ અને ગોળ અન્નકૂટના રૂપમાં ધરાવવામાં આવ્યો હતો. ગણપતિના ઉથાપન વિધિમાં સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી ભુજ મંદિર દ્વારા કથા તેમજ આશીર્વચનની સભામાં વડીલ સંતોની હાજરીમાં ગણશોત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી. ભુજ મંદિરેથી મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ લઈ ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ નાના-મોટા સંતોની હાજરીમાં ઉથાપન કરી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## આધોઈ મંદિરે મહા ઉદ્યાપન

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર આધોઈમાં શ્રાવણી પર્વ એક માસનું જ્ઞાનસત્ર પૂર્ણ થતા મહાઉદ્યાપન પણ મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી રાખવામાં આવ્યું હતું. તારીખ ૦૯-૦૮-૨૦૨૧ થી તારીખ ૦૬-૦૯-૨૦૨૧ દરમિયાન શ્રીમદ્‌ભાગવત શ્રી રામચરિત્રમાનસ કથાનું આયોજન રાખવામાં આવેલું હતું. કથાના વકતા શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી બંને સંતોએ સંપૂર્ણ એક માસ સુધી કથાનું શ્રવણ સંગીતમય શૈલીમાં કરાવ્યું હતું. સ્વામી નીલકંઠમુનિદાસજીએ સંગીતના સૂર સંપૂર્ણ એક માસ સુધી રેલાવ્યા હતા.આ પ્રસંગે તારીખ ૦૫-૦૯-૨૦૨૧ ના રોજ મહાપર્વની ઉજવણી નિમિત્તે ભુજ મંદિર થી ૧૦૦ જેટલા સંતો પધાર્યા હતા. સવારે ૦૮:૦૦ વાગ્યે શ્રીમદ્‌ભાગવત કથાનો પ્રારંભ થયો હતો, ત્યારબાદ સંતોના આશીર્વચનો સમગ્ર સભાને પ્રાપ્ત થયા હતા. ઉમહંત સદ્‌ગુરુ સ્વામી ભાગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી આદિ સંતોએ પોતાના અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર કચ્છ ચોવિસીમાંથી સાંખ્યયોગી બહેનોના મહંત સામબાઈની સાથે ૨૦૦થી ઉપરાંત સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતાં. સૌપ્રથમવાર વાગડની આ પવિત્ર

ભૂમિમાં એક મહિનાનું મહાપર્વ ઉજવાણું છે. અહીં મંડળના સંતો રોકાઈ કથા-વાર્તાનો ખૂબજ લાભ આપ્યો અને નવા-નવા સત્સંગીઓએ કંઠીઓ ધારણ કરી હતી. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી અક્ષરવલ્લભ દાસજી, સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી ભક્તિપ્રસાદદાસજી, સ્વામી ઘનશ્યામદાસજી આદિ સંતોનો સાથ સહકાર સાંપડ્યો હતો. એક મહિનાના કથા સત્ર ના મુખ્ય યજમાનો પૈકી પ.ભ. હસમુખભાઈ કાનજી ભુડિયા - ફોટડી હાલે મોમ્બાસા, પ.ભ.કાંતિભાઈ મુરજી મેપાણી ગામ મદનપુર હાલે કંપાલા, લાલજીભાઈ કલ્યાણ સિયાણી ગામમાં માનકુવા હાલે મોમ્બાસા, પ.ભ. રમેશભાઈ મુરજી હીરણી ગામ કોડકી હાલે સિડની આ તમામ હરિભક્તોએ ઉમદા ભાવથી આ પર્વમાં સેવા નોંધાવી હતી. સાથોસાથ અન્ય ઘણા હરિભક્તો તેમજ તથા અન્ય વાગડ વિસ્તારના અનેક ગામોમાંથી પણ હરિભક્તો સેવા કરી હતી. આ કથા દરમ્યાન રામજન્મોત્સવ, શિવપાર્વતી વિવાહ, રામ-સીતાના વિવાહ, કૃષ્ણ જન્મોત્સવ, મટકી ઉત્સવ, ગોવર્ધન ઉત્સવ, રાસોત્સવ, રૂક્ષ્મણી વિવાહ જેવા અનેક પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. અંતિમ દિવસે ૪ હજારથી વધુ હરિભક્તોએ પ્રસાદ લીધો હતો. અવારનવાર ભુજ મંદિરના ટ્રસ્ટીઓ, એવં સમગ્ર ચોવીસી વાગડ થી મુંબઈ, બેંગ્લોર, પુના જેવા શહેરોથી હરિભક્તો ખાસ આ કથા પ્રસંગે આવતા હતા.

સમગ્ર કથાનું જીવંત પ્રસારણ ભુજ મંદિરની યુ-ટ્યૂબ ચેનલ એવમ પવિત્ર યુ-ટ્યૂબ ચેનલ ઉપર કરવામાં આવ્યું હતું. તેમાં મંડળના બંને સંતો સ્વામી ઘનશ્યામકેશવદાસજી તથા સ્વામી નૌતમપ્રકાશ દાસજીની દેખરેખ હેઠળ આ કાર્ય દેશ-વિદેશમાં લાઈવ કરવામાં આવ્યું હતું અને હજારોની સંખ્યામાં ભક્તોએ ઘરે બેસી ને પણ કથાનું શ્રવણ કર્યું હતું. આ પ્રસંગે આધોઈ મંદિરની કાર્યવાહક કમીટીના સદસ્યો રાજાભાઈ, લખમણભાઈ, રમેશભાઈ, કાનજીભાઈ, સામજીભાઈ, મેહુલભાઈ, આદિ હરિભક્તોનો ખૂબ સાથ સહકાર સાંપડ્યો હતો.

અહીં સાં.યો. વિજયભાઈની નિશ્રામાં કુલ પાંચ જેટલા સાંખ્યયોગી બહેનો રહી અને ખૂબ જ સત્સંગનું પોષણ કરાવી રહ્યા છે. તેમનું આ સત્સંગમાં અજોડ કાર્ય જોઈ ભુજના મહંત સાં.યો. સામબાઈ ફઈએ પોતાના ખૂબજ રાજીપો વરસાવ્યો હતો સાથો સાથ સંતો પણ તેમની લગન અને મહેનત જોઈ ખૂબ પ્રસન્ન થયા હતા.

## માનકુવા- ભક્તિનગર

શ્રી સ્વામિનારાયણ મંદિર માનકુવા-ભક્તિનગર મંદિરમાં તારીખ ૦૩-૦૯-૨૦૨૧ થી ૦૭-૦૯-૨૦૨૧ સુધી પાંચ દિવસની રાત્રિસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંજુકેશાનંદ સ્વામી રચિત ઐશ્વર્ય પ્રકાશ નામના ગ્રંથની કથા કરવામાં આવેલ. જેના વક્તા પદે સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી રહ્યા હતા. સભા સંચાલક શાસ્ત્રી સ્વામી સત્યપ્રસાદદાસજી હતા. અને આરોગ્ય વિશે સત્સંગ સભાને જ્ઞાન આપ્યું હતું. છેલ્લા દિવસે સ્વામી ગોલોકવિહારીદાસજીએ કથા સંભળાવી હતી. આ પાંચ દિવસની રાત્રિસભાનો લાભ બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ લીધો હતો.

અહેવાલઃ-જોધાણી રમીલા દેવજી

## અંગિયા

શ્રી સ્વામિનારાયણ મંદિર અંગિયામાં વિદુરનીતિ સાત દિવસની કથા રાખવામાં આવી હતી. તા.૦૧-૦૯-૨૦૨૧ થી ૦૭-૦૯-૨૦૨૧ સુધી મહિલા મંદિરમાં અક્ષર નિવાસી પાનીબાઈ ઘડાની તથા પાનીબાઈના ગુરુ કુંવરબાઈ ઘડાની તથા અક્ષર નિવાસી દેવાબાઈ ઘડાની તથા અક્ષર નિવાસી

રતનબાઈ તથા અક્ષર નિવાસી રામભાઈ દયાપર તથા અક્ષર નિવાસી કુંવરબાઈ દોલતપર તથા અક્ષર નિવાસી કલાબાઈ દોલતપર તથા અક્ષર નિવાસી અમૃતભાઈ દોલતપર, આદિ પુણ્યા આત્માઓની સ્મૃતિમાં કથા કરવામાં આવી હતી. કથાની પ્રેરણા કરનાર સાં.યો. દેવાબાઈ ઘડાની. આયોજક સાં.યો. લીલાબાઈ તથા પ્રેમિલાબાઈ તથા વિદુરનીતિનું વાંચન સાં.યો. કમળાબાઈ, સાં.યો. વસંતબાઈ ઘડાની તથા સંચાલિકા તરિકે સાં.યો. ચંપાબેન રહ્યા હતા. તથા ઘડાની રવાપર. આમારા દોલતપર દયાપર થી સાંખ્યયોગી બહેનો પધાર્યાં હતાં અને નાના અંગિયા લક્ષ્મીનારાયણ સમાજની મહિલા મંડળ તથા શિવ મંદિરના મહિલા મંડળ તથા રબારી મહિલા મંડળ તથા નખત્રાણા સ્વામિનારાયણ મહિલા મંડળ તથા નાગલપર મહિલા મંડળના બહેનો સાતે દિવસ કથાનો અનેરો લાભ લેવા પધાર્યા હતા રાત્રે રાસોત્સવ તથા પ્રશ્નોત્તર રાખવામાં આવ્યા હતા. કથા પૂર્ણાહુતિના દિવસે મહાઆરતીનું આયોજન રાખવામાં આવ્યું હતું.

અહેવાલઃ- સરસ્વતીબેન મનીષભાઈ, અંગિયા

## રાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર રાપરમાં જન્માષ્ટીના પાવન પર્વ નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જન્માષ્ટમીના આ ઉત્સવમા કીર્તન ભક્તિ તથા કૃષ્ણ જન્મોત્સવની આરતી તથા મટકીફોડ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજનમાં સ્વામી ભક્તિવેદાંતદાસજી સાથી કેતનભાઈ દાવડા એ કૃષ્ણભક્તિના કીર્તન ગાઈને સર્વે હરિભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા, તેમજ યુવક મંડળના યુવાનો દ્વારા મટકી ફોડવામા આવી હતી, આ ઉત્સવ દરમ્યાન પૂ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (કે.પી.સ્વામી) તેમજ સ્વામી બદ્રીસ્વરસ્વરૂપદાસજી હાજર રહ્યા હતા. ઉત્સવનો લાભ લેવા બહોળી સંખ્યામાં હરિભક્તો આવ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર નરનારાયણ નગર

શ્રી સ્વામિનારાયણ મંદિર નરનારાયણ નગરના આંગણે હિંડોળા ઉત્સવ નિમિત્તે કુંજગલી, વનની વેલીઓ તથા ફૂલના વિશેષ શણગાર અને અલૌકિક હિંડોળના દર્શનનું આયોજન કરવામાં આવેલ હતું . જેમાં ભુજ મંદિરના ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા અન્ય સંતો પધાર્યા હતા.

## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ભુજના ઉપલક્ષમાં ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ ઇન્દોર (મધ્ય પ્રદેશ) આયોજિત ત્રિદિવસીય સત્સંગ શિબિર "વૈષ્ણવજન તો તેને કહીએ"

તારીખ ૨૩-૦૮-૨૦૨૧ શ્રાવણ વદ-૧ થી ૨૫-૦૮-૨૦૨૧ શ્રાવણ વદ-૩ દરમિયાન ભુજ નગર નિવાસી શ્રી નરનારાયણ આદિ દેવોની પૂર્ણ કૃપા અને મહંત સ્વામી આદિ વડીલ સંતોના રૂડા આશીર્વાદથી ઈન્દોર શહેરથી આશરે ૭૦ કિલોમીટર દૂર આવેલ શ્રી દગડુજી આશ્રમ, બડવાહ (મધ્ય પ્રદેશ) સ્થળે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ ઈન્દોર ત્રિદિત્રશીય સત્સંગ શિબિર યોજાઈ ગઈ. પવિત્ર નર્મદાજીના કિનારે આવેલ આ આશ્રમમાં ૫૦ જેટલા યુવાનો તેમજ સાત સંતો સ્વામી પરમહંસદાસજી, સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી વ્રજવિહારીદાસજી તેમજ સ્વામી ભકિતપ્રકાશ દાસજી આદિ સંતો પધાર્યા હતા. આ શિબિરમાં મુખ્યપણે આપણને "વૈષ્ણવ" કેવી રીતે થવું? એ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

તારીખ ૨૨-૦૮-૨૦૨૧ ના પ્રથમજ શ્રી નર્મદાજીની આરતીનો લાભ લીધો. તા. ૨૩-૦૮-૨૦૨૧ ના સવારે પ્રથમ સત્રમાં શ્રીજી મહારાજની

રથયાત્રા વાજતે - ગાજતે ગોશાલા થી સભામંડપ સુધી નિકળી હતી. જેમાં પૂજ્ય સંતો પણ જોડાયા હતા. શ્રી ઠાકોરજીની પધરામણી સાથે પૂજ્ય વડીલ સંતો અને આશ્રમના મહંત શ્રી રાધેચૈતન્યજી દ્વારા દીપ પ્રાગટ્ય થયું. ત્રણ દિવસ દરમિયાન વડીલ સંતો દ્વારા સભાને આશીર્વચન તેમજ વક્તા સંતો દ્વારા "વૈષ્ણવજન તો તેને કહીએ" ઉપર સરસ વ્યાખ્યાન માળા રજૂ કરવામાં આવી. દરરોજના ક્રમ પ્રમાણે પ્રાતઃ પૂજા, આરતી, વચનામૃત, માનસી, કીર્તન ભક્તિ, નિત્યનિયમ, પત્રત્રયમ વગેરે થાતાં. જેમાં ઘણા હરિભક્તોની કાંઈક અધૂરાશ હતી તેમને પૂજ્ય સંતો દ્વારા દૂર કરી આપણા નિયમ અનુસાર અને ક્રમ પ્રમાણે સમજૂતી આપવામાં આવી. તે લાભ પણ મોટામાં મોટો આ શિબિર અંગે હતો. વ્યસન મૂકવા માટે પણ અમુક હરિભક્તોએ ઈચ્છા જાહેર કરી હતી. શિબિર દરમિયાન નર્મદા સ્નાન, અભિષેક, સંત-સમાગમ, રાસોત્સવ, વિવિધ ગેમ્સ, પ્રેઝેન્ટેશન, ગ્રુપચર્ચા વગેરે કાર્યક્રમો ગોઠવાયા હતા. બધા જ આયોજનમાં દરેક ને ખૂબ જ આનંદ હતો અને અહોભાવ હતો. ત્રણ દિવસ ખૂબજ સરસ રીતે સવારે, બપોરે, સાંજે ભોજનની તૈયારી કરી હતી. સત્સંગીઓ તેમજ પૂજ્ય સંતો સાથે ગ્રુપફોટોનું સેશન પણ આનંદદાયક અને રમણીય હતું. છેલ્લે દિવસે ઈન્દોર શહેર થી તમામ વડીલ, માતાઓ, બહેનો અને બાળકો પણ મોટી સંખ્યામાં પધાર્યા હતા. સંતો દ્વારા આશીર્વચન, કથા સાંભળી તેઓઓ ખૂબ જ રાજીપો વ્યક્ત કર્યો. પરસ્પર સ્નેહ મિલન નો લાભ પણ મળ્યો.

યુવક મંડળના ત્રણ યુવાનો દ્વારા સરસ મંતવ્યો આપવામાં આવ્યા. જેમાં શિબિરના પોતાના સારા અનુભવો અને સુધારા વ્યક્ત કર્યા. મંત્રી શ્રી દ્વારા કાર્યકર્તાઓને આભારવિધિ કરી સંતો-ભક્તો વડીલો બધાજ આ શિબિરની દિવ્યતા અનુભવી હતી અને સંતોએ પણ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.

આવી શિબિરોમાં સત્સંગમાં દ્રઢતા, ધર્મનિષ્ઠા, પ્રભુનિષ્ઠા, સંતનિષ્ઠા અને જીવનમાં બળ આવે તેમજ યુવાનોના મન બુદ્ધિ અને વિચારોમાં તેજસ્વી પણું આવે. તેવા પ્રયાસ સંતો દ્વારા હરહંમેશ થતા રહે છે. વાણી વર્તન અને કાર્યોમાં સકારાત્મકતા જોવા મળે છે. સ્વસુધારની સાથે સમાજના સુધારના પાઠો પણ શીખાડવામાં આવે છે. જે આ શિબિરની ફળશ્રુતી છે.

અહેવાલઃ- યુવક મંડળ કાર્યાલય, ભુજ

## વૃક્ષારોપણ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ સંચાલક સંત સમિતિ દ્વારા આખા કચ્છ પ્રદેશમાં વૃક્ષારોપણના અનેક કાર્યક્રમો યોજાયા.

સ્વામિનારાયણ ભગવાને આજથી ૨૦૦ વર્ષ પહેલા શ્રીમદ સત્સંગિજીવન ગ્રંથની અંદર પોતાના આશ્રિત ભક્તોને વૃક્ષો વાવવાની તેમજ જતન કરવાની આજ્ઞા સાથે તેમનો મહિમા પણ કહ્યો કે જે ભક્તો એક પીપળો, એક લીમડો, એક વડલો,દસઆંબલી, ત્રણ કોઠના વૃક્ષો, ત્રણ બીલીપત્રના, ત્રણ આમળાના અને નવ આંબાના વૃક્ષો આ જે ૩૧વૃક્ષો વાવે છે તે મનુષ્ય ક્યારે નરકને પામતો નથી. આ વનસ્પતિ પ્રત્યે પૂજન, અર્ચન અને સૃષ્ટિ પ્રેમ તેનું શિક્ષણ પણ આપેલું છે. કારણકે સ્વામિનારાયણ ભગવાન પોતે પ્રકૃતિ પ્રકૃતિ પ્રેમના હિમાયતી હતા. આજથી ૨૦૦ વર્ષ પહેલા સત્સંગ સેવા ધર્મપરાયણતા સંસ્કાર આદિક અનેક સદગુણોનું સિંચન સદ્દુપદેશ દ્વારા પોતાના આશ્રિત ભક્તોમાં કરેલ તેમના સમયમાં ત્યાગી સંતો પાસે પણ અનેક લોક ઉપયોગી કાર્યો કરાવેલ છે એ પૈકી પ્રકૃતિ પર્યાવરણ બચાવો આ સંદેશ પણ આપેલ છે આ સંદેશને ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આજ દિવસ સુધી જીવંત

રાખેલ છે.

ભગવાન સ્વામિનારાયણ આજથી ૨૦૦ વર્ષ પહેલાં વચનામૃત શાસ્ત્ર લોકોને આપ્યું તે વચનામૃત શાસ્ત્ર ના અમૂલ્ય ઉપદેશો મોટેભાગે પ્રકૃતિના ખોળે વૃક્ષો નીચે બેસીને આપેલા છે જેમકે ગઢપુરમાં લીબતરુ, વડતાલમાં લીબતરુ, આંબાના વૃક્ષ નીચે જેતલપુરમાં બોરસડી,ભુજમાં ખાટીઆંબલીના વૃક્ષ તળે, લોયામાં લીબતરુ આવા અન્ય વૃક્ષોની શીતળ છાયામાં બેસીને જ્ઞાનનો ઉપદેશ આપેલ છે. ભગવાનના વનસ્પતિ સૃષ્ટિ પર ના આવા પ્રેમને લક્ષમાં લઈને શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં પૂજ્ય મહંત સ્વામીએ બે લાખ વૃક્ષો વાવવા સાથે ઉછેરનો સંકલ્પ કર્યો એ સંકલ્પ પૂર્ણ કરવાની સેવા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ સંચાલક સંત સમિતિ સોંપવામાં આવી સાથે સર્વે સંતો, ટ્રસ્ટીઓ હરિભક્તો આદિ વૃક્ષો વાવો પ્રકૃતિ બચાવો અને વરસાદ લાવો આ સૂત્રને આત્મસાત કરી કચ્છમાં અનેક જગ્યાએ વૃક્ષોનું વાવેતર કરેલ છે.જેમાં અત્યાર સુધીમાં ૪૦,૦૦૦ હજાર વૃક્ષો વવાઈ ગયા છે એમાં સાત હજાર રોપા પ્રસાદીના વૃક્ષોના તૈયાર કરેલા એનો સમાવેશ થાય છે. જે ગામમાં વૃક્ષારોપણ થયું તે ગામમાં વૃક્ષના રોપા પિંજરા, ડ્રીપ, લોખંડની બાઉન્ડ્રી જેવી સુવિધાઓ જરૂરિયાત પ્રમાણે ભુજ મંદિર તથા વન વિભાગ દ્વારા પૂરી કરવામાં આવેલ છે.

કચ્છમાં અનેક ગામો વૃક્ષારોપણ થયું એ પૈકી વાડાસર ગામમાં ત્રણ એકર, માધાપર ગામમાં ત્રણ એકર,માનકૂવામાં ત્રણ એકર,સરલીમાં ચાર એકર,ફોટડી ગામમાં તળાવ ની શોભા સાડા ત્રણ એકર, સુરજપર ગામમાં સાર્વજનિક તમામ જગ્યા પર દહીંસરા રસ્તાની બંને બાજુઓ સાથે સાર્વજનિક જગ્યા ઉપર, કેરા ગામમાં સાર્વજનિક જગ્યા ઉપર, અબડાસા વિસ્તારમાં દરેક ગામમાં સાથે વિશેષ રવાપર પાટીદાર સમાજ વાડીમાં, વાગડ વિસ્તાર તેમજ ભુજના અનેક વિસ્તારોમાં વૃક્ષારોપણ થયું છે. અને આ કાર્ય હજુ પણ ચાલુ જ રહેશે અત્યાર સુધીમાં લગભગ ૨૫ લાખ સુધીનો ખર્ચ ભુજ મંદિર વન વિભાગ તથા ગામના સ્વામિનારાયણ મંદિર તથા યુવક યુવતી મંડળ દ્વારા થયેલ છે જયારે પણ જરૂરત પડી છે ત્યારે ભુજ મંદિરખર્ચ કરતું આવ્યું છે હજુ પણ કરશે આપ તેમાં સહભાગી રહ્યા છો અને આ કાર્યમાં આગળ પણ સહભાગી રહેશો એવી અપેક્ષા.

કચ્છ ભૂમિ સૂકા રણપ્રદેશ તરીકે ઓળખાય છે જ્યાં વનસ્પતિ અને વૃક્ષોનું પ્રમાણ ખૂબ ઓછું છે જેથી ઓછો વરસાદ થાય છે પાણીની તંગી રહે છે આવા પ્રદેશમાં હજારો વૃક્ષોનું વાવેતર કરી ઉછેરનું ભગીરથ કાર્ય શ્રીનરનારાયણદેવ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ભુજ મંદિર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. હજારો વૃક્ષોની વનરાજી વરસાદને ખેંચી લાવવામાં ઉપયોગી થશે અને શ્રીજી મહારાજની કૃપાથી કચ્છમાં સારો વરસાદ થશે શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વજીવહિતાવહનો ઉપદેશ આપેલ છે તે ન્યાય ચરાચર સૃષ્ટિ પર પ્રેમ કરવાનો સંદેશો પણ આપી જાય છે સર્વત્ર કૃતજ્ઞા કૃતજ્ઞતા પ્રગટ કરનારી આ મહાન સંસ્કૃતિ અને આપણા અંતઃકરણમાં કેળવી અને ભગવાન વૃક્ષ વનસ્પતિ પ્રેમને જીવનમાં ઉતારીએ નંદનવનનુંનિર્માણ કાર્ય કરીએ..



# : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

## કચ્છના કથાકાર પ્રાગજી પુરાણી

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

બાળમિત્રો! જયશ્રી સ્વામિનારાયણ ! કચ્છની ભૂમિને પાવન કરતા શ્રીહરિ ભુજથી નીકળી માનકુવા આદિ ગામોને પાવન કરતા અબડાસા પ્રદેશના તેરા ગામમાં પધાર્યા. તેરા ગામમાં મુખ્ય સુથારનો સત્સંગ. શ્રીહરિ નોંધા સુથારને ઘેર ઉતર્યા. શ્રીજીમહારાજને કથા-વાર્તા કરવી, કરાવવી અને સાંભળવી બહુ ગમે. શ્રીહરિએ તેરામાં સભાનું આયોજન કર્યું. બ્રાહ્મણ પાસે કથા વંચાવે. ગામના લોકો કથા સાંભળવા આવે. કથા વાચનારા બ્રાહ્મણને પોતાની કથાનું બહુ અભિમાન હતું. તેથી જ્યારે કથા વાંચવા બેસે ત્યારે શ્રીહરિને કહે : હે મહારાજ ! 'કાંઇ સંશય થાય તો પૂછજો.' એમ વારંવાર પૂછે. બ્રાહ્મણનું અભિમાન ઉતારવા એક દિવસ શ્રીજીમહારાજે એવો પ્રશ્ન પૂછ્યો કે જે પ્રશ્નનો ઉત્તર બ્રાહ્મણથી થઇ શક્યો નહિ. બહુ પ્રયત્નો કર્યા છતાં જવાબ આવડે જ નહિ, તેથી મૂંઝાયા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા : 'તમે આવો અઘરો પ્રશ્ન પૂછી ભરી સભામાં મારી લાજ લીધી. હવે બીજો વક્તા ગોતી લેજો.' એમ કહી બ્રાહ્મણ પોથી બાંધી રિસાઇને ચાલ્યા ગયા.

બીજે દિવસે શ્રીહરિએ હરિભગતને મોકલીને બોલાવ્યા, છતાંપણ બ્રાહ્મણ આવ્યા નહિ. શ્રીહરિને કથા વિના તો ચાલે જ નહિ. હવે બીજા વક્તા ક્યાંથી બોલાવવા આમ વિચાર કરે છે. એ વખતે ત્યાં એક બહેન દર્શન કરવા આવ્યાં. મહારાજે પૂછ્યું : 'બહેન, તમારે કોઇ સંતાન છે ?' બહેને કહ્યું : 'હા, મહારાજ ! આપની કૃપાથી એક દીકરો છે.' મહારાજે કહ્યું : 'એમનું નામ શું છે ?' બહેને કહ્યું : 'પ્રાગજી.' શ્રીહરિએ આગળ પૂછ્યું : 'તમારો પુત્ર પ્રાગજી અમારી પાસે કથા વાંચશે ? કથા વાંચવા માટે રજા આપશો ?'

પ્રાગજીની માએ કહ્યું : 'મહારાજ ! એ તો હજુ નાનો છે ને અત્યારે એ સારસ્વત વ્યાકરણ ભણે છે. એ ભણ્યા પછી કાવ્ય ભણશે, ત્યાર પછી પુરાણ ભણશે અને ત્યાર પછી કથા વાંચવાને યોગ્ય થશે. અત્યારે તો એમને કથા વાંચતાં ન આવડે'

શ્રીહરિએ કહ્યું : 'એમને અમારી પાસે બોલાવો, જેવી આવડશે તેવી કથા કરશે.' માએ પ્રાગજીને બોલાવી લાવ્યાં. પ્રાગજી શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી આગળ બેઠો. શ્રીજી મહારાજે પૂછ્યું : 'પ્રાગજી ! તું અમારી પાસે રહી કથા વાંચીશ ?' ત્યારે તેમણે પણ પોતાની માની જેમ જ ઉત્તર આપ્યો કે હજુ હું ભણું છું. શ્રીજીમહારાજે કહ્યું : 'અમારી મૂર્તિ યાદ કરી જેવું આવડે તેવું વાંચ.'

મહારાજની આજ્ઞા થતાં પ્રાગજી દવે વ્યાસાસન પર બેઠા. મહારાજે શાસ્ત્ર અને પ્રાગજી પુરાણીની પૂજા કરી, આશીર્વાદ આપ્યા. શ્રીમદ્ ભાગવતની કથા શરૂ કરી. જાણે સાક્ષાત્ શુકદેવજી કથા કરતા ન હોય શું ? એમ સુમધુર સહેલીમાં કથા વાંચવા લાગ્યા. સાતમે દિવસે કથાની સમાપ્તિ થઇ. કથા સાંભળી શ્રીહરિ રાજી રાજી થઇ ગયા.

જેમના ઉપર ભગવાનની કૃપા થાય એ મૂંગો હોય તો બોલતો થઇ જાય. અભણ વિદ્વાન બની જાય. રંક રાજા બની જાય. પછી શ્રીજીમહારાજે વક્તા તરીકે પ્રાગજી પુરાણીને સાથે જ રાખી લીધા. કચ્છ - ગુજરાતમાં જ્યાં જ્યાં ફરતા ત્યાં ત્યાં પ્રાગજી પુરાણી પાસે જ કથા કરાવતા.

કચ્છ દેશમાં ફરી શ્રીહરિ ગઢપુર પધાર્યા. ત્યાં પ્રાગજી પુરાણી પાસે ભાગવતાદિક અઢાર પુરાણો તથા અઢાર સ્મૃતિઓ અને વેદાદિક અનેક પ્રાચીન ગ્રંથો

દેશાંતરમાંથી પદ્મનાભાનંદ સ્વામી પાસે મંગાવીને વંચાવ્યા. એ સિવાય કેટલાક કાવ્ય ગ્રંથો તથા અલંકારના ગ્રંથો વંચાવ્યા. મહારાજે એ તમામ ગ્રંથોનું શ્રવણ કર્યું. આવો શ્રીહરિને શાસ્ત્ર શ્રવણ કરવાનો ઉત્સાહ હતો.

મૂળ શાસ્ત્રોની કથા વાંચવી સહેલી નથી હોતી. મોટા પંડિતથી પણ વિચાર્યા વિના કથા થાય નહિ. પણ મહારાજના પ્રતાપથી પ્રાગજીને વિચારવું ન પડે, અશુદ્ધ હોય તે શુદ્ધ વંચાય, અર્ધો-પોંણો શ્લોક હોય તે સંપૂર્ણ વંચાઈ જાય, મધુર સ્વરે કથાનું શ્રવણ કરાવે અને મહારાજના પ્રતાપથી એક આસને એક પલાંઠીયે નિત્ય વીશ-પચીસ અધ્યાય વાંચે. એટલે કે છ થી આઠ કલાક સુધી કથાનું વાંચન કરે છતાંપણ કેડ ન દુઃખે, ગળું ન બેસે અને થાક પણ લાગે નહિ. આવું સામર્થ્ય શ્રીહરિએ પ્રાગજી દવેને આપ્યું હતું.

"મૂકં કરોતિ વાચાલં" જેના ઉપર ભગવાનની કૃપા થાય એ મૂંગો હોય તો પણ બોલતો થઈ જાય.

આવી રીતે શ્રીહરિએ તેરા ગામમાં પોતાના પ્રતાપે પ્રાગજી દવે પાસે કથા વંચાવવાનો પ્રારંભ કર્યો. ને અખંડ એ કથાનો પ્રવાહ ચાલતો રહ્યો.

બાળ ભક્તો, ભગવાનની કૃપા જેમની ઉપર થાય એમને બધું જ સહજમાં આવડી જાય. પણ ભગવાનની કૃપા ક્યારે થાય, જો આપણે સાચા ભાવથી પૂજા-પ્રાર્થના કરીએ, ભણવામાં ખૂબ મહેનત કરીએ તો ભગવાન અને મોટા સંતોની કૃપા પ્રાપ્ત થાય.

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાનમાળા:-

૧. સૃષ્ટિ સંચાલક ત્રિદેવના નામ આપો ?
(અ) બ્રહ્મા, હરિ, હર (બ) બ્રહ્મા, વિષ્ણુ, ગણેશ
(ક) શંકર, શિવ, શંભુ (ડ) અજ, વિષ્ણુ, મહેશ

૨. મનુષ્યનાં ત્રણ શરીર નામ આપો,
(અ) જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ
(બ) બાળ, યુવાન, વૃદ્ધ
(ક) સ્થૂળ, સક્ષ્મ, કારણ
(ડ) માથુ, છાતી, પગ

૩. ત્રણ કાળના નામ આપો ?
(અ) ભૂતકાળ (બ) વર્તમાન
(ક) ત્રિકાળ (ડ) ભવિષ્ય

૪. માણસની ત્રણ અવસ્થાના નામ આપો ?
(અ) સ્થળ,ભૂત, (બ) કારણ
(ક) બાળ, યુવાન (ડ) વૃદ્ધ

૫. ત્રણ ગુણના નામ શું છે ?
(અ) સત્ત્વગુણ (બ) સગુણ-નિર્ગુણ
(ક) રજોગુણ (ડ) તમોગુણ

૬. પશુ જાતિના ત્રણ પ્રકાર જણાવો ?
(અ) ગાય,સિંહ,શિયાળ (બ) ધાર,બાર,ઘસરકો
(ક) નોર,ઘોર,ડાભડો (ડ) નોર, ખરી, ડાબલો

૭. ત્રણ પ્રકારના જીવના નામ આપો ?
(અ) ભૂચર, જળચર (બ) જળચર, સ્થળચર,
(ક) નભચર (ડ) ખગચર

૮. ત્રણ લોકના નામ જણાવો ?
(અ) સ્વર્ગ (બ) મૃત્ય, પાતાળ
(ક) ભૂલોક (ડ) સત્યલોક

૯. આમાંથી કયા ત્રણ ગ્રંથો નિષ્કુળાનંદ સ્વામી રચિત છે ?
(અ) સતીગીતા (બ) સ્નેહગીતા
(ક) ચોસઠપદી (ડ) હરિસ્મૃતિ

૧૦. કચ્છમાં આપણા શિખરબંધ મંદિર કેટલા છે ?
(અ) ૫ (બ) ૩
(ક) ૨ (ડ) ૪

### -: શબ્દ રચના :-

કચ્છના કથાકાર પ્રાગજી પુરાણી એ લેખ વાંચી નીચે આપેલ શબ્દો પૂરા કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | મ | | | જ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ | | | ભા | | |

| | | | | |
|---|---|---|---|---|
| નોં | | | થા | |

| | | | | |
|---|---|---|---|---|
| | ગ | | | વ |

| | | | | |
|---|---|---|---|---|
| | | દે | વ | |

| | | | | |
|---|---|---|---|---|
| હ | | | ગ | |

| | | | |
|---|---|---|---|
| | સા | | ન |

| | | | |
|---|---|---|---|
| આ | | | દ |

| | | | |
|---|---|---|---|
| ભા | | વ | |

| | | | |
|---|---|---|---|
| | ઢ | | ર |

### -: જેવું કરશો તેવું મળશે :-

આ જગતમાં તમે કોઈને દુઃખ દેશો, તો તેની અસર તમને પડ્યા વગર રહેશે નહીં. જેમ વાવ-કૂવામાં કે પહાડોની વચ્ચે તમે બોલો કે ‘તું ચોર છે’ તો સામો અવાજ આવશે કે ‘તું ચોર છે, તું ચોર છે’ જો તમે બોલો, ‘તું રાજા છે.’ તો વાવ-કૂવા પણ કહેશે ‘તું રાજા છે, તું રાજા છે.’ એનું કારણ સામો પડઘો પડે એટલે સામો અવાજ આવે.

આમ આ જગતનું સ્વરૂપ છે. જ્યાં સુધી તમારા નિમિત્તે કોઈને સહેજ પણ દુઃખ થાય છે, તો એની અસર તમારા ઉપર જ પડવાની. અને એ હિસાબ તમારે પૂરો કરવો પડશે, માટે વિચારો. ઊંધું ચાલતું હોય તો કહેવાનો વાંધો નથી પણ એવું કહો કે એને દુઃખ ના પડે. આપણે નક્કી કરી નાખવાનું કે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ દેવું નથી.

બીજાને દુઃખ દેવાથી આપણને દુઃખ મળે અને બીજાને સુખ દેવાથી આપણને સુખ મળે. માટે તમને જે ગમે તે આપો.

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧ કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
૨૦૧ જયેશભાઈ લાલજી પ્રેમજી વરસાણીના જન્મદિવસ નિમિત્તે - માધાપર
૨૦૧ રિદ્ધીબેન નાનજી વાઘજિયાણીના જન્મદિવસ તથા પરિક્ષામાં સારા નંબરથી પાસ થતાં - માધાપર
૫૦૦ ભરતભાઈ ખીમજી હિરાણીને ત્યાં પુત્રીનો જન્મ થતા - મેઘપર
૫૦૦ હિંમ્મતભાઈ લાલજી વેકરીયાના જન્મદિવસ નિમિત્તે - બળદીયા
૧૫૧ પ્રેમીલાબેન લાલજી વેકરીયાના જન્મદિવસ નિમિત્તે - માધાપર
૫૦૧ અરવિંદભાઈ રામજી વરસાણી સી.એ ની પરિક્ષામાં પાસ થતાં - નરનારાયણ નગર
૨૫૧ સાં.યો.પ્રેમીલાબાઈ તથા સાં.યો. લીલાબાઈ વિદુરનીતિની કથા નિમિત્તે - નાના અંગિયા

**ખાશા કરીને ગ્રાહકો માટે અગત્યની સૂચના**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે ‘ધર્મસંદેશ’ વોટ્સએપથી મેળવવા આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના મોબાઈલ નંબર વિના વિલંબે (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. પોસ્ટની સાથે આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.**



શ્રી સ્વામિનારાયણ મંદિર આધોઈ (વાગડ) માં ઉજવાયેલ માસિક ભાગવત તથા રામાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ




શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં કચ્છમાં વિવિધ સ્થળે
કચ્છશ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળના માધ્યમે વૃક્ષારોપણનું ચાલતું અભિયાન

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2021/UPTO 31-12-2021



માંડવીમાં ઉજવાયેલ પારાયણો તથા વિવિધ ઉત્સવો



ઈન્દૌર કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ ત્રિદિવસીય સત્સંગ શિબિર - બળવાહ દગળુજી આશ્રમ મ.પ્ર.